Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धि कार्या ।

श्री

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું :: અંક ૨ જો

વીર સંવત ૨૪૭૦ ❋ વિક્રમ સંવત ૨૦૦૦

## માગશર

પ્રગટકર્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

બહારગામ માટે બાર અંક ને ભેટના પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂ. ૧-૧૨-૦

પુસ્તક ૬૦ મું } અંક ૨ જો. } માગશર. { વીર સં. ૨૪૭૦ { વિક્રમ સં. ૨૦૦૦

## अनुक्रमणिका


૧. પ્રભુ પાસે યાચના ... ... ... ( એન. બી. શાહ. ) ૩૩
૨. अधर्म का विध्वंस ... ... ... ( રાજમલ ભંડારી ) ૩૪
૩. શ્રી પ્રશ્નસિંધુ : ૩ ... ... ... ( આ. શ્રી વિજયપદ્મસૂરિ ) ૩૭
૪. વીરવિલાસ : ૨ ... ... ... ... ... ( મૌક્તિક ) ૪૧
૫. પ્રાસંગિક દુહા : ... ... ... ... ( એન. બી. શાહ ) ૩૩, ૪૪
૬. કેટલાક ન્યાય ... ... ...( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા ) ૪૫
૭. ગુણરત્ન સંવત્સર તપ ... ... ... ... ( કુંવરજી ) ૪૯
૮. સમકિતદૃષ્ટિ જીવ કેવો હોય ? ... ... ... ( કુંવરજી ) ૫૦
૯. શ્રી વીરજિન સ્તુતિ ... ... ...( મગનલાલ મોતીચંદ શાહ ) ૫૨
૧૦. પ્રશ્નોત્તર ... ... ...( પ્રશ્નકાર-દેવચંદ કરશનજી-રાધનપુર ) ૫૩
૧૧. શિશુ-પ્રાર્થના ... ... ... ( મગનલાલ મોતીચંદ શાહ ) ૫૬
૧૨. શ્રી તત્ત્વાર્થસૂત્ર-સાનુવાદ : અધ્યાય ૭ મો ... ( મુનિ રામવિજયજી ) ૫૭
૧૩. પ્રભાવિક પુરુષો : પટ્ટધરબેલડી. ૫ ... (મોહનલાલ દીપચંદ ચોકસી) ૬૧


## નવા સભાસદોનાં નામ

| | | |
|---|---|---|
| ૧. શાહ પન્નાલાલ ભીખાભાઈ | મુંબઈ | લાઇફ મેમ્બર |
| ૨. શાહ ચંપકલાલ અમીચંદ | ભાવનગર | ,, |
| ૩. શાહ પ્રભુદાસ ચુનીલાલ | ,, | વાર્ષિક મેમ્બર |

## નવા જૈન પંચાંગ

જોધપુરી શ્રીધર શિવલાલના ચંડાંશુચંડુ પંચાંગને આધારે આપણે પાળવાની તિથિ યથાર્થ સૂચવનારા પંચાંગ અમે બહુ વર્ષોથી બનાવીએ છીએ તે પ્રમાણે બનાવ્યા છે કાગળોની પુષ્કળ મોંઘવારી છતાં ખરીદ કરનારની સગવડ ખાતર અમે સો નકલના રૂ. ૫) અને છૂટક નકલનો એક આનો રાખેલ છે. પોસ્ટેજ જુદું. ( અમે ગયા અંકમાં બતાવેલી ભૂલો આ પંચાંગોમાં સુધારેલી છે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું } માગશર { વીર સં. ૨૪૭૦
અંક ૨ જો } { વિ. સં. ૨૦૦૦

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या । ( મુદ્રાલેખ )

## પ્રભુ પાસે યાચના

( એનાં મધુર સ્વપ્નાં આજે ભુલાય ક્યાંથી–એ રાગ. )

ભગવાન તેરા દર્શન, દીખાવો આ સેવકને;
તલપી રહ્યું છે દિલડું, દીખાવો આ સેવકને. ભ૦ ૧

રાગ દ્વેષ તો હટાવી, કર્મો સભી ખપાવી;
મુક્તિ વધૂ વરી હૈ, દીખાવો આ સેવકને. ભ૦ ૨

સંસારરૂપી આ જલધિ, કર્મરાજે કીધો બંધી;
સુખશાંતિ તો કહાં હૈ? દીખાવો આ સેવકને. ભ૦ ૩

ચોરાશી લક્ષ યોનિમાંહિ, કુટાયો આંહિ તાંહિ;
શુદ્ધ જ્ઞાન તો નહિં હૈ, દીખાવો આ સેવકને. ભ૦ ૪

અબ છોડી મોહ માયા, તુમ દર્શ કરને આયા;
એન. બી. અધીર હુઆ હૈ, દીખાવો આ સેવકને. ભ૦ ૫

—: દુહા :—

મિત્રો પ્યારે જગતમેં, હૈ ક્રોધ બડા ચંડાલ;
ઉસ્કો લપટ ઝપેટકે, ઊંડે કૂવેમેં ડાલ. ( ૧ )

નયનસે નીરખો જિનરાજ સબ, સુનો શ્રવણસે ગાન;
નિશદિન રસનાસે કરો, કીર્તન બની એક ધ્યાન. ( ૨ )

એન. બી. શાહ–ભરુચ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अधर्म का विध्वंस

( तर्ज-खूब लड़ी मरदानी वह तो, झांसीवाली रानी थी. )

वीरप्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ।
सत्य ज्ञान का रवि प्रकटा कर, मिथ्यातम को नष्ट कीया ॥ टेक० ॥

धर्म नाम पर मूक पशु, जब यज्ञ में होमे जाते थे ।
यज्ञ याज्ञ में धर्म बताकर, विप्रवर्ग हरखाते थे ॥
एसे समय में वीरप्रभु का, क्षत्रीवंश में जन्म हुवा ।
वीरप्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥१॥

सिद्धार्थ दुलारे त्रिशलानंदन, वर्द्धमान कहलाये हैं ।
चरम तीर्थंकर शासननायक, वल्लभ विश्व कहाये हैं ॥
बाल्यकाल में खेल देव संग, देवों को भी परास्त कीया ।
वीरप्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥२॥

वीर धीर गम्भीर प्रभु का, अभिषेक महोत्सव करते हैं ।
शंका इन्द्र की दूर हटाने, मेरुगिरि कम्पाते हैं ॥
महापराक्रमी जान प्रभु का, महावीर ! फिर नाम दीया ।
वीरप्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥३॥

धर्म नाम पर पशु संहार लख, वीर अति दुःख पाये हैं ।
भारतवासी धर्म भुलाकर, पापों में लिपटाये हैं ॥
भारत की यह देख परिस्थिति, निश्चय मन में शीघ्र कीया ।
वीरप्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥४॥

इन्द्रभूति और अग्निभूति, इस धर्म के ठेकेदार हुवे ।
स्वर्ग मोक्ष का सर्टिफिकीट भी, देने को तय्यार हुवे ॥
वेदों की उस सत्य स्मृति का, अर्थ नहीं अनर्थ कीया ।
वीरप्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥५॥

यज्ञ याज्ञ का करनेवाला, हो धर्मी कहलाता था ।
यज्ञ याज्ञ से विमुख हुवा, वह पापी माना जाता था ॥
एसे समय में यज्ञ धर्म ही, राष्ट्र का धर्म बनाय दीया ।
वीरप्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥६॥

जहां देखो वहां विप्र वगेरे, यज्ञों की धूम मचाई थी ।
परम पुनित इस भारत भू पर, रक्तों की नदी बहाई थी ॥
इसी पाप को शीघ्र हटाने, वीर प्रभु का जन्म हुवा ।
वीर प्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥७॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



राजपाट सब त्याग प्रभुवर, संयम को अपनाते हैं ।
मोह शत्रु को परास्त कर के, आतम ज्योति जगाते हैं ॥
अनिष्ट हटाने फिर भारत का, सत्यामृत बरषाय दीया ।
वीरप्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥८॥

हे आर्य शिरोमणि भारतवासी, सोचो और विचारो तो ।
सब को सुख पियारा है, फिर कीसको दुःख बताओ तो ॥
सब प्राणी में निज सम आतम, इस का नहीं कुछ ज्ञान कीया ।
वीर प्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥९॥

सब जीवों को अपना जीवन, अधिक पियारा लगता है ।
जैसा दुःख अपने को होता, वैसा उनको होता है ॥
धर्म नाम पर उनका जीवन-धन फिर क्यों बरबाद कीया ? ।
वीर प्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥१०॥

अधर्म में नहीं धर्म मनाओ, सत्य वस्तु अब पहिचानो ।
अधर्म कार्य का प्रायश्चित करके, ऐसा अब निश्चय ठानो ॥
निज समान है सर्व आतमा, यही तत्त्व समझाय दीया ।
वीर प्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥११॥

हनन को कहते हैं हिंसा, नहीं हनने में रही अहिंसा ।
सत्य धर्म है यह भारत का, हननार्थक सब मिथ्या है ॥
भारत गुरु उन इन्द्रभूति का, संशय सर्व मिटाय दीया ।
वीर प्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥१२॥

सर्वशिरोमणि इन्द्रभूति थे, और भी थे पटधर ग्यारा ।
सब का संशय सर्व मिटा कर, शिष्य बनाया है प्यारा ॥
हिंसा चक्र का अस्तित्व मिटाकर, अहिंसा का प्रचार कीया ।
वीर प्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥१३॥

सब प्राणी को अभयदान दे, पापों से मुक्त कराया है ।
भेद भाव सब दूर हटा कर, सब को फिर अपनाया है ॥
हिंसा वृत्ति पशु तक की हटाकर, एक जगह बैठाय दीया ।
वीर प्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥१४॥

अहिंसा धर्म से फिर भारत को, प्रभुने श्रेष्ठ बनाया है ।
भारत का सब पाप नष्ट कर, मिथ्या तिमिर हटाया है ॥
नर्क हुई थी भारतभूमि, इस को स्वर्ग बनाय दीया ।
वीर प्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥१५॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



धर्म अहिंसा उन्नति कारक, अवनत सब ही हरता है।
इसको जो जन है अपनाता, उनको श्रेष्ठ बनाता है॥
प्रत्यक्ष प्रमाण है इसके गांधी, उनको श्रेष्ठ बनाय दीया।
वीरप्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥१६॥

तत्व अहिंसा का नहीं समझे, वह कायर बतलाते हैं।
तत्व समझनेवाले तो, बलवान महा कहलाते हैं॥
वीर नहीं महावीर जिन्होने, वीरतत्त्व प्रगटाय दीया।
वीरप्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥१७॥

सर्वमान्य संस्था भारत की, कांग्रेस आज कहाइ है।
सर्व शिरोमणि नेताओं की, वल्लभ यही मनाई है॥
भारत को आजाद बनाने, शस्त्र 'अहिंसा' मुख्य कीया।
वीरप्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥१८॥

भारतवासी भाई इस पर, शंका सदा ही करते हैं।
लाला लाजपतराय के जैसे, भी प्रश्नोत्तर करते थे॥
नरीमान से और भी नेताने, गांधीजी से प्रश्न कीया।
वीरप्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥१९॥

शंकावाले सब भाई को, गांधीजी समझाते हैं।
कायर नहीं बलवान अहिंसा, निश्चय फिर करवाते हैं॥
वीर प्रभु की 'वीर अहिंसा,' नहीं इसको कायर जान लीया।
वीर प्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥२०॥

अहिंसा मार्ग जो चलते हैं, वह निर्भय हो कर रहते हैं।
दिन पर दिन बलशाली हो कर, शत्रु को फिर दमते हैं॥
सब प्रकार से स्वतंत्र हो कर, जीवन में विश्राम लीया।
वीर प्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥२१॥

भारत को आजाद बनाने, अहिंसा शस्त्र उठाया है।
गांधीजी को इस श्रद्धा से, अखिल विश्व चराया है॥
सब शस्त्रों को निर्बल करने-वाला यही मार्ग लीया।
वीर प्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥२२॥

अस्त्र शस्त्र नाबुद बने, यह चक्र अहिंसा एसा है।
दुष्ट वृत्ति को परास्त कर के, विजयी बनाने जैसा है॥
भारत का उद्धारक है, और शत्रुओं का दमन कीया।
वीर प्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥२३॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નસિંધુ

( ૩ )

રચયિતા—આ. શ્રી વિજયપદ્મસૂરિ

( અનુસંધાન પૃષ્ઠ ૮ થી )

૨૫. પ્રશ્ન—ઘોલના પરિણામનું સ્વરૂપ શું ?

ઉત્તર—સંસારી જીવોના જે ચડતા ઊતરતા પરિણામ તે ઘોલના પરિણામ કહેવાય. આવા આયુકર્મ બાંધવા યોગ્ય ઘોલના પરિણામ પોતાની જિંદગીના અમુક ભાગમાં જ થાય છે, સર્વદા થતા નથી; માટે જ આયુષ્ય કર્મ બીજા કર્મોની માફક વારંવાર બાંધી શકાતું નથી. જો કે આયુષ્ય કર્મ ઘોલના પરિણામે બંધાય છે, તો પણ પોતાની જિંદગીના( સંપૂર્ણ આયુષ્યના ) બે ભાગની અંદરના વર્ષોમાં થતા ઘોલના પરિણામથી આયુષ્યકર્મનો બંધ ન થાય. વહેલામાં વહેલા જિંદગીના બે ભાગ વીત્યા બાદ જ ઘોલના પરિણામે આયુષ્ય કર્મનો બંધ થાય અને મોડામાં મોડા ત્રીજો ભાગ, નવમો ભાગ વગેરે ક્રમે છેવટે છેલ્લા અંતર્મુહૂર્તે નિશ્ચયે ઘોલના પરિણામ થતા હોવાથી જરૂર આયુષ્યકર્મનો બંધ થાય. જ્યારે પરભવમાં જવાની લગભગ કાંઇક ઊણુ બે ઘડી બાકી હોય, તે છેલ્લું અંતર્મુહૂર્ત કહેવાય. જો શુભ પરિણામની કે અશુભ પરિણામની ધારા અવિચ્છિન્ન ચડતી કે ઊતરતી હોય, તો આયુષ્ય કર્મનો બંધ ન થાય. આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનકથી માંડીને ઠેઠ અયોગી ગુણસ્થાનક સુધી શુભ પરિણામ ચઢતા હોવાથી આયુષ્ય કર્મ ન બંધાય, એ પ્રમાણે પડતા પરિણામની બાબતમાં પણ સમજી લેવું. પહેલા મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી માંડીને મિશ્ર ગુણસ્થાનક સિવાયના છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનક સુધીના પાંચ ગુણસ્થાનકોમાં અમુક સમયે જ એવા ઘોલના પરિણામ સંભવે છે. તેવા પરિણામ મિશ્ર ગુણસ્થાનકે સંભવતા નથી, માટે મિશ્રદૃષ્ટિ જીવો આયુષ્યકર્મ બાંધતા નથી અને તેથી તે મરણ પણ પામતા નથી. કહ્યું છે કે-" **न सम्ममिच्छो कुणइ कालं** " સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકે દેવાયુષ્યનો બંધ શરૂ ન કરાય, પણ છઠ્ઠે ગુણઠાણે શરૂ કર્યો

---

है भारतवासी ! सत्य श्रद्धासे, वीर अहिंसा अपनाओ ॥
द्वेष क्लेश को शीघ्र नष्ट कर, प्रेम परस्पर फिर चाहो ॥
निज समान है सर्व आतमा, ' राज ' तत्त्व पहिचान लीया ।
वीर प्रभु महावीर जिन्होंने, अधर्म का विध्वंस कीया ॥सत्य०॥२४॥

जब जब होता विश्व में, श्रेष्ठ धर्म का ह्रास ।
आते हैं महापुरुष फिर, करने धर्म विकास ॥ २५ ॥

राजमल भंडारी-आगर ( मालवा )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તો પૂરો કરી શકાય. આ અપેક્ષાએ "પહેલાં પાંચ ગુણસ્થાનકે એવા ઘોલના પરિણામ સંભવે છે" એમ જાણવું. ૨૫.

૨૬. પ્રશ્ન—સોપક્રમ આયુષ્યવાળા જીવો પરભવનું આયુષ્ય ક્યારે બાંધે ?

ઉત્તર—જે નિમિત્તથી આયુષ્ય ઓછું થાય તે ઉપક્રમ કહેવાય. આવા ઉપક્રમવડે લાંબી સ્થિતિવાળું જે આયુષ્ય થોડા કાળમાં ભોગવાય તે સોપક્રમ આયુષ્ય કહેવાય. આવા સોપક્રમ આયુષ્યવાળા જીવો પોતાના વર્તમાન ભવના આયુષ્યનો જ્યારે ત્રીજો ભાગ બાકી રહે ત્યારે આગામી ભવનું (અહીંનું આયુષ્ય પૂર્ણ થયા બાદ જે ભવમાં જવાનું હોય તે ભવનું ) આયુષ્ય બાંધે. આ શેષ રહેલા ત્રીજા ભાગમાં જે જીવોને એવા ઘોલના પરિણામ થાય, તેઓ જ પરભવના આયુષ્યનો બંધ કરી શકે. જેઓ એ વખતે પરભવના આયુષ્યને ન બાંધે, તેઓ પોતાના આયુષ્યના આઠ ભાગ ગયા બાદ નવમા ભાગે પરભવના આયુષ્યને બાંધે. એ વખતે ઘોલના પરિણામ ન થવાથી કદાચ પરભવાયુનો બંધ ન કરે, તો સત્યાવીશમો ભાગ બાકી રહે એટલે પોતાના ચાલુ આયુષ્યના ૨૬ ભાગ ગયા બાદ સત્યાવીશમા ભાગે પરભવાયુષ્યને બાંધે. જેઓ આ સમયે પણ ઘોલના પરિણામનો અભાવ વગેરે કારણને લઇને પરભવાયુષ્યને ન બાંધી શકે તેઓ છેવટના અંતર્મુહૂર્તે તો જરૂર પરભવનું આયુષ્ય બાંધે; કારણ કે દરેક સંસારી જીવ પરભવનું આયુષ્ય બાંધીને જ પૂર્વ ભવનો ત્યાગ કરી આગામી ભવમાં જાય, એમ ગણધર શ્રી સુધર્માસ્વામીજીથી તેવીસમી પાટે થયેલ આર્ય શ્યામાચાર્ય ભગવંતે બનાવેલા શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં જણાવ્યું છે. તેનો પાઠ આ પ્રમાણે-"**सिय तिभागे, सिय तिभागतिभागे, सिय तिभागतिभागतिभागे त्ति**" આ સૂત્રની ટીકામાં પૂજ્યશ્રી મલયગિરિ મહારાજે સ્પષ્ટ જણાવ્યું છે કે-**तिभागे**=ત્રીજા ભાગે, **तिभागतिभागे**=નવમા ભાગે, **तिभागतिभागतिभागे**=સત્યાવીશમા ભાગે પરભવાયુષ્ય બંધાય વગેરે. આ બાબતમાં કેટલાએક આચાર્યોનો મત એવો છે કે સત્યાવીશમા ભાગથી આગળ પણ છેવટના અંતર્મુહૂર્ત્ત સુધી ત્રિભાગ કલ્પના કરવી. ૨૬.

૨૭. પ્રશ્ન—નિરુપક્રમ આયુષ્યવાળા જીવો ક્યા ક્યા જાણવા ?

ઉત્તર—(૧) અસંખ્ય વર્ષના આયુષ્યવાળા યુગલિયા મનુષ્ય અને તિર્યંચ. (૨) તે જ ભવમાં મોક્ષે જનારા જીવો. (૩) નારકી (૪) દેવો (૫) ચોવીશ તીર્થંકર, ૧૨ ચક્રવર્ત્તી, ૯ વાસુદેવ, ૯ બળદેવ, ૯ પ્રતિવાસુદેવ એ રીતે ૬૩ શલાકા પુરુષો.-આ બધા જીવો નિરુપક્રમ આયુષ્યવાળા જાણવા એમ મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે લોકપ્રકાશના ત્રીજા સર્ગમાં ભવસ્થિતિ દ્વારમાં જણાવ્યું છે. આ બાબતમાં મતાંતર જણાવતાં તત્ત્વાર્થટીકાકાર જણાવે છે કે-તીર્થંકર, દેવ અને નારકો ઉપક્રમથી મૃત્યુ પામતા નથી; બાકીના જીવો બંને રીતે મરણ પામે છે તથા અહીં જણાવેલા યુગલિકોમાંના કોઇ યુગલિકને ઉદ્દેશીને એમ પણ બને છે કે-" કોઇ યુગલિક-અકર્મભૂમિમાં ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિર્યંચપણે અથવા મનુષ્યપણે ઉપજ્યો હોય, તે જીવ અન્તર્મુહૂર્ત્ત સિવાય બાકીના આયુષ્યની અપવર્ત્તના કરે.” એમ શ્રી મલયગિરિ મહારાજે શ્રી કર્મપ્રકૃતિમાં જણાવેલ ‘**अद्धाजोगुक्कोसे**’ **इत्यादि** ગાથાની ટીકામાં જણાવ્યું છે. એ દેવ નારક વગેરે પોતાના ચાલુ ભવના આયુષ્યના છ માસ બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે. નારક જીવો ઉત્કૃષ્ટથી (વહેલામાં વહેલા) પોતાનું આયુષ્ય છ મહિના બાકી રહે ત્યારે અને જઘન્યથી અંતર્મુહૂર્ત્ત બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે એમ સર્વાનુયોગમય પંચમાંગ શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-(શ્રી ભગવતીજી)ના ચૌદમા શતકના પહેલા ઉદ્દેશાની ટીકામાં શ્રી અભયદેવસૂરિ મહારાજે જણાવ્યું છે. તથા ઉપર “છ મહિના બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બંધાય” એમ જે જણાવ્યું છે તે બાબતમાં-નિરુપક્રમ આયુષ્યવાળા જીવો-પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે જ પરભવના આયુષ્યને બાંધે, એમ શ્રી લોકપ્રકાશાદિમાં જણાવ્યું છે. ૨૭.

૨૮. પ્રશ્ન—સંમૂર્ચ્છિમ મનુષ્યો ક્યાં ક્યાં ઉત્પન્ન થાય ?

ઉત્તર—ગર્ભજ મનુષ્યોનાં–૧ વિષ્ઠામાં, ૨ મૂત્રમાં, ૩ બળખામાં, ૪ લીંટમાં, ૫ ઉલ્ટીમાં, ૬ પિત્તમાં, ૭ વીર્યમાં, ૮ લોહીમાં, ૯ પરુમાં, ૧૦ મૃતકમાં, ૧૧ નગરની ખાળમાં, ૧૨ સ્ત્રીપુરુષના સંયોગમાં, ૧૩ અલગ પડેલા વીર્ય પુદ્ગલોમાં, ૧૪ ગર્ભજ મનુષ્યના મેલ પરસેવો વગેરે અશુચિ પદાર્થોમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉપજે છે. તેમને મન ન હોય તેથી અસંજ્ઞી કહેવાય. તેનું અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું શરીર હોય, પહેલું ગુણસ્થાનક હોવાથી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની કહ્યા છે. તેમનું આયુષ્ય અંતર્મુહૂર્ત્ત પ્રમાણ હોય છે. તેઓ અપર્યાપ્તા અવસ્થામાં જ મરણ પામે છે, એમ પ્રજ્ઞાપના સૂત્રના પહેલા પ્રજ્ઞાપના પદમાં મનુષ્યપ્રરૂપણામાં તથા લોકપ્રકાશ, કર્મગ્રંથ ટીકાદિ અનેક ગ્રંથોમાં જણાવ્યું છે. ૨૮.

૨૯. પ્રશ્ન—દેવો અને નારકીઓ અનન્તર (ચાલુ ભવ પછીના તરતના) ભવમાં દેવપણું કે નારકપણું ન પામે તેનું શું કારણ ?

ઉત્તર—જે મુખ્ય કારણોની સેવનાથી દેવપણું કે નારકપણું પામી શકાય તેવાં મુખ્ય કારણો દેવભવમાં અને નરક ભવમાં હોતા નથી, માટે દેવો ચ્યવીને અનન્તર ભવમાં દેવપણું કે નરકપણું પામતા નથી. એ રીતે નારક જીવો પણ નરકમાંથી નીકળીને અનન્તર ભવમાં દેવ ન થાય ને નારકી પણ ન થાય, પણ તેઓ વચમાં મનુષ્યપણે કે તિર્યંચપણે એક વાર ઉપજીને પછીના ભવમાં દેવપણું કે નારકપણું પામી શકે એમ જણાવવા માટે અનન્તર ભવમાં તેઓ દેવ નારક ન થાય એમ શ્રી પ્રજ્ઞાપના સૂત્ર, લોકપ્રકાશ, જીવવિચાર પ્રકરણાદિમાં કહ્યું છે.

૩૦. પ્રશ્ન—જે મુખ્ય કારણોની સેવનાથી દેવપણું પ્રાપ્ત થાય, તેવાં કારણો કયા કયા ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—૧ સરાગસંયમ, ૨ દેશવિરતિ, ૩ સુપાત્રદાન, ૪ અવ્યક્ત સામાયિક, ૫ બાલતપ વગેરે મુખ્ય કારણોથી દેવપણું પ્રાપ્ત થાય. સરાગસંયમ વગેરેની સાધના દેવો તથા નારક જીવો કરી શકતા નથી માટે તેઓ અનન્તરભવમાં દેવપણું પામી શકતા નથી. આ પ્રસંગે દેવાયુષ્ય બાંધવાના ૧૫ કારણો ખાસ જાણવા જોઇએ. તે સંવેગમાલામાં જણાવ્યા છે.

૩૧. પ્રશ્ન—કયા કયા મુખ્ય કારણોની સેવનાથી નારકપણું પમાય?

ઉત્તર—મહારંભ, મહાપરિગ્રહ વગેરે મુખ્ય કારણોની સેવનાથી નારકપણું પ્રાપ્ત થાય. આવા કારણોની સેવના દેવો તથા નારક જીવો તીવ્ર સંકલેશથી કરી શકતા નથી, માટે દેવો અને નારક જીવો અનન્તર ભવમાં નરકપણું ન પામી શકે. તીવ્ર પુણ્ય કર્મનો બંધ કરાવનારાં સાધનો નથી દેવભવમાં ને નથી નરક ભવમાં એમ તીવ્ર પાપને બંધાવનારાં સાધનો પણ તે બંને ભવમાં હોતાં નથી. આ મુદ્દાથી કહ્યું છે કે—" **उववज्जंति सकाए नारय देवा य नो चेव** " આ પ્રસંગે નરકમાં જવાના ૧૫ કારણો વિસ્તારથી સંવેગમાલામાં જણાવ્યા છે. તે યાદ રાખીને તેવા કારણોથી અલગ રહેવું એમાં જ આત્મહિત સમાયું છે. ૩૧.

૩૨. પ્રશ્ન—ચાર પ્રકારના દેવોમાં પહેલાં " **ભવનવાસી દેવો** " કહ્યા છે. અહીં " **भवनवासि** " શબ્દની વ્યુત્પત્તિ કઈ રીતે શાસ્ત્રમાં જણાવી છે?

ઉત્તર—જે દેવો ભવનમાં રહેવાના સ્વભાવવાળા હોય તે ભવનવાસી કહેવાય. આ વ્યુત્પત્તિ ભુવનપતિના દશે ભેદોમાં ન ઘટી શકે, પણ અસુરકુમાર સિવાયના નવ ભેદોમાં ઘટી શકે છે, કારણ કે નાગકુમાર વગેરે નવ નિકાયના દેવો ઘણું કરીને ભવનોમાં વિશેષ કાળ ( વધારે સમય ) રહે છે, ને કોઇ વખત આવાસોમાં (પણ) રહે છે. આનાથી ઊલટી સ્થિતિ ( સ્વરૂપ ) અસુરકુમાર દેવોમાં હોય છે. એટલે તેઓ ઘણો વખત આવાસમાં રહે છે ને કોઇ કોઈ વખત ભવનોમાં પણ રહે છે, એમ શ્રી પ્રજ્ઞાપના સૂત્રના પહેલા પ્રજ્ઞાપના પદમાં દેવપ્રજ્ઞાપનામાં ટીકાકાર શ્રી મલયગિરિ મહારાજે જણાવ્યું છે, તે પાઠ ટૂંકામાં આ પ્રમાણે જાણવો.

" भवनेषु वसन्तीत्येवंशीला भवनवासिनः, एतद् बाहुल्यतो नागकुमाराद्यपेक्षया दृष्टव्यं ॥ ते हि प्रायो भवनेषु वसन्ति कदाचिदावासेषु ॥ असुरकुमारास्तु प्राचुर्येणावासेषु कदाचिद् भवनेष्विति ॥ "

૩૩. પ્રશ્ન—ભવન અને આવાસનું સ્વરૂપ શું?

ઉત્તર—ભવનનો બહારનો ભાગ ગોળ ને અંદરનો ભાગ સમચોરસ, તથા નીચેનો ભાગ કમલની કર્ણિકાની જેવો હોય ને આવાસની અંદર મોટા મંડપ હોય છે, એમ શ્રી પ્રજ્ઞાપના સૂત્રની ટીકામાં જણાવ્યું છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરવિલાસ

## (૧૨[1])

### ન ગણી જપમાળા એક, નાથ નિરંજન નામની રે.[2]

**આ** સંસારમાં કંચન અને કામિનીને ધન્ય માની, પૈસા અને કુટુંબની આસના-વાસનામાં જીવનની સંપૂર્ણતા માની, પૈસા મેળવવા, વધારવા અને જાળવવાના કાર્યને જિંદગીનો સાર માન્યો, પૈસાની અને ઘરની, ધનની અને કુટુંબીઓની ચિંતામાં તેનો વિચાર કરવો એ જ સાર તત્ત્વ ગણ્યું; પણ એ ક્યાં સુધી પોતાનાં છે? કેટલાં રહેવાનાં છે? તેનો અને પોતાનો સંબંધ વસ્તુગતે કેવા પ્રકારનો છે? એનો પ્રાણી વિચાર કરતો નથી. એ સીત્તેર વર્ષની વયે પણ સરવૈયાં કાઢયાં કરે છે અને અર્થવગરની કુટુંબની ચિંતા કર્યા જ કરે છે. એ ચિંતા, વિચારણા અને ગોઠવણમાં આખો વખત જાય છે. મળે તો જાળવવાની અને ન મળે તો મેળવવાની અનેક ગોઠવણ, ભાંજગડ અને પાસા ગોઠવવામાં સવારની રાત પડી જાય છે. દિવસો, માસો અને વર્ષો ચાલ્યાં જાય છે અને ગમે તેટલી મોટી વય થાય તો પણ એમાં શાંતિ વળતી નથી, સ્થિરતા આવતી નથી અને ઊલટી વય વધતાં ધન સંગ્રહ કરવાની ઇચ્છા વધારે તીવ્ર બનતી જાય છે. કુટુંબ-ચિંતામાં વધારો થવાના પ્રસંગો વધતા જાય છે. નાનપણમાં માત્ર પોતાની જ ચિંતા હોય છે પણ મોટી ઉમરે જવાબદારી વધતી જતી દેખાય છે, વડિલપણાનો મોહ વધતો જાય છે અને મુરબ્બીવટ જામતી જાય છે. એટલે ધન, માલ, ઘર, કુટુંબની વિચારસાર-પ્રધાનતા એકંદરે વધતી જ જાય છે અને વયના વધારા સાથે એમાં પણ વધારો જ થતો જાય છે. આ જીવનનો હેતુ શો? અહીં શા માટે? આ બધી ગોઠવણ અને યોજના પોતે ઊભી કરેલી છે કે એમાં કાંઇ તથ્યાંશ છે? એ સ્થાયી છે કે વિનાશી છે? એમાં કાંઈ અક્કલ જેવી વાત છે કે માત્ર ગતાનુગતિકતા છે કે આંધળો મોહ છે? આવો વિચાર પણ ભાગ્યે જ આવે છે. કોઇ વાર એવો વિચાર અંદર ને અંદર ઝબકી જાય તો પાછો અંદર જ શમી જાય છે. કારણ આદર્શ જ મળે નહિ અને આદર્શની કોઇ વાર વિચારણા કરી હોય તો તેને સેવવાનો કે તેને વારંવાર આંતરચક્ષુ સન્મુખ રાખવાનો પ્રસંગ જ સાંપડે નહિ. આવી દશા છે, એટલે અસ્તવ્યસ્ત જીવન ગમે ત્યાં ઘસડાઈ જતું દેખાય છે અને પવન પ્રમાણે વાયરે ચઢી આડુંઅવળું કે આઘુંપાછું થયા કરે છે.

બાળપણની પરાધીનતામાં, જુવાનીના દિવાનાપણામાં, વેપારધંધાની જંજાળમાં,

---

૧. વીરવિલાસની માળાની આ સંખ્યા છે. દરેક લેખ સ્વતંત્ર હોઇ આગલા લેખના સંબંધ વગર વાંચી શકાય તેવી તેની યોજના છે. આ લેખ આગલા લેખ નં. ૧૧ નો ઉત્તરાર્દ્ધ હોવા છતાં સ્વતંત્ર છે.

૨. બાર વ્રતની પૂજા પૈકી પાંચમા પરિગ્રહપરિમાણ વ્રતની છઠ્ઠી ધૂપપૂજાની ત્રીજી ગાથાનું બીજું ચરણ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સગાસંબંધીઓના વેધ જાળવવામાં, ફાંટાદાર શેઠ કે ઉપરીના ઢંગધડા વગરના હુકમોનો અમલ કરવામાં, ધન મેળવવાની બાજીઓ ગોઠવવામાં, ન મળે તો તેની ચિંતામાં, મળી જાય તો તેની જાળવણીની ગૂંચવણોમાં, જરા ઓછું થઇ જાય તો જાણે પોતાનું જ કાંઇ ખરેખરું ગુમાઇ ગયું હોય તેની વિમાસણમાં, સમાજ સંસ્થા કે દેશના મંડળમાં સ્થાન મેળવવાના તલસાટમાં, મળી ગયું હોય તો તેને જાળવવાની ખટપટમાં અને આવી આવી સ્થૂળ બાબતોમાં અથવા ઐહિક ભાવોમાં વખત જાય છે, પણ પોતે કોણ? શા માટે? અને ક્યાંનો? અથવા પોતાનો આ સર્વ વસ્તુ, સ્નેહી સગાં કે ભાવો સાથેનો સંબંધ કેટલો? અને ક્યાં સુધીનો? એનો પ્રાણી વિચાર કરતો નથી. એ તો આંધળે બહેરું કૂટયે જ જાય છે, સંસારરાગમાં લપટાયે જ જાય છે અને નકામા પ્રયાસમાં વલખાં માર્યાં જ કરે છે.

આ ચેતન પોતે પરમાત્મા છે, એનામાં અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, ઉપયોગ ભરેલાં છે, ઠાંસી ઠાંસીને ભરેલાં છે, પોતાને સ્વાધીન છે, પ્રયાસથી પ્રકટ કરી શકાય તેવાં છે, સાચા આનંદનાં સીમાચિહ્નો છે, અનંત કાળ સુધી પોતાનાં બનાવી શકાય તેવા છે, સર્વ ઉપાધિથી પર છે અને પોતામય છે એનો એને વિચાર આવતો નથી, એ વાતની એને પિછાન થતી નથી, એ વાત એનામાં જામતી નથી. એ આત્મિક ગુણ સ્વાધીન છે અને મહામૂલ્યવાન રત્નો, અનર્ઘ્ય ખજાનો અંદર ભરેલો છે તેની પીછાન વગર પ્રાણી જ્યાં ત્યાં રખડયા કરે છે, દ્વાર દ્વાર ભટકયા કરે છે, સ્થૂળ સુખમાં આનંદ માને છે અને બાહ્યભાવમાં લપટાઇ જાય છે. એ અંદરનો ખજાનો કેમ જામે? ક્યારે જામે? કેમ હસ્તગત થાય? તે વિચારવાનું છે.

પ્રથમ એ ખજાનાને ઓળખવો જોઇએ, પછી એને વિકસાવવો જોઇએ અને ત્યાર પછી એને સ્વાધીન કરી એમાં મનની સ્થિરતા કરવી જોઇએ. એનો ઉપાય શો? જેણે એ ખજાનો સ્વાધીન કર્યો છે તેનો આદર્શ સન્મુખ રાખવો. એ ન થાય તો ખજાનો મેળવવાની તમન્ના લાગે તેટલા માટે જે પરમાત્માએ એ ખજાનો પ્રકટ કરી તન્મય જીવન જીવ્યું છે, અનંત આનંદમય સ્થિતિ પ્રાપ્ત કરી છે અને ધન્ય દશાએ પહોંચી ગયા છે તેનો આદર્શ સ્પષ્ટ કરવો, તે આદર્શે જીવવા પ્રયત્ન કરવો અને તે આદર્શ તેટલા માટે હૃદય સન્મુખ રાખવો.

આને માટે 'જાપ' એ પ્રાથમિક માર્ગ છે. આદર્શનો ખ્યાલ કરી એને વારંવાર સંભારવો, એને યાદ કરવો, એના મય થઇ જવું અને ઊંઘતાં, બેસતાં, જાગતાં કે હરતાંફરતાં એ આદર્શ સન્મુખ રહે એવી ગોઠવણ કરવી. આપણે સર્વસંગ ત્યાગ કરી અનંત આનંદ પ્રાપ્ત કરવો હોય તો નિરંજન નાથને હૃદય-ચક્ષુ સન્મુખ રાખવા ઘટે, તેનો નિરંતર જાપ કરવો ઘટે, તેને માટે તમન્ના લગાવવી ઘટે અને તેનો વારંવાર વિચાર કરવો ઘટે. આ રીતે આદર્શસિદ્ધિ થાય છે.

આ જાપ માટે જપમાળાની યોજના હોય છે. ૧૦૮ મણકાની માળાને જપમાળા (નવકારવાળી) કહેવામાં આવે છે. કોઇ નવ કે અઢાર પારાની પણ બનાવે છે. ચાલુ વ્યવહાર ૧૦૮ પારાનો છે. એ પારા એક એક મૂકાતા જાય અને આદર્શ પરમાત્માની યાદ થતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય. આવો જાપ પ્રથમ અન્યત્ર ચિત્ત હોય તેમ ગણવામાં આવે તો પણ તેથી અંતે એકાગ્રતા થાય છે અને અંતે આદર્શ તરફ પ્રગતિ થાય છે. સ્થાનની શાંતિ હોય અને પોતાના શરીર તથા કપડાંની શુદ્ધિ હોય તો જાપ જપતાં એકાગ્રતા ઉત્તરોત્તર વધતી જાય છે અને આદર્શ સન્મુખ થતો જાય છે. અંતે એનાથી ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતા થઇ જાય છે અને પોતે આદર્શમય બની જાય છે. એ સ્થિતિ તો અંતે પ્રાપ્ત થાય છે, પણ આપણી દશા કેવી છે તે હવે જુઓ.

એને તો સંસારની એવી લગની લાગેલી હોય છે કે એને આવી એક જપમાળા ગણવાની પણ ફુરસદ મળતી નથી. એ એના સંસારવહેવાર અને વેપારધંધામાં કે નોકરીચાકરીમાં એટલો મશગૂલ થઇ ગયેલ હોય છે કે આખા દિવસમાં કે રાત્રે સૂતા સુધીમાં એને એક જપમાળા ગણવાનો પણ સમય મળતો નથી. એને વ્યાવહારિક અનેક કામ અધૂરાં મૂકવાં પડે છે અને અંતે થાકીને ઊંઘી જાય છે. પણ પોતે કોણ ? કયા આદર્શે અહીં ઝૂકે છે ? અને આ બધું મેળવી મેળવીને મૂકી જશે તેનું શું થશે અને કોણ ખાશે ? એ વિચારવાનો કે એનું પૃથક્કરણ કરવાનો જરા જેટલો ય સમય એને મળતો નથી. એ તો આંખ મીંચીને ઝુકાવ્યે જાય છે અને કોઇ વાર ઘોડાને ચણા ખાતાં કાંકરો આવે ત્યારે જેમ ચોંકે એમ ઝબકી જાય છે. બાકી એ તો પોતાનાં માનેલાં વ્યવહારમાં રાચેલોમાચેલો રહે છે.

જપમાળા ગણવી એટલે પોતાના સાચા સ્વરૂપને યાદ કરવું, પોતાના આદર્શને સન્મુખ રાખવો, પોતાના અંતર્યામી સાથે એકતાને રમણ કરવું, પોતાનો અને પરનો સંબંધ વિચારવો, પોતાના ખરા સંબંધને સમજવો અને પરને પર તરીકે પીછાની તેને તે તરીકે સમજવું. માળા ગણવાનો ઉદ્દેશ પોતાના આદર્શને સન્મુખ રાખવાનો છે. માળા ગણવી એટલે પારાને પટપટાવી જવાની વાત નથી, પણ આ ભાઇને તો વ્યવહારથી માળા ફેરવવાનો જ સમય મળતો નથી. આખા દિવસ કે રાતમાં પરમાત્મતત્ત્વ વિચારવાનો કે પોતે અહીં શા માટે છે અને વસ્તુગતે કોણ છે એનો ખ્યાલ કરવાનો જ વખત મળતો નથી એટલે પછી એનો નિસ્તાર જ ક્યાંથી થાય ? એ તો પોતાના ધંધા, વેપાર કે નોકરીમાં મશગૂલ બની રહે છે અથવા તદ્દન આળસમાં પડ્યો રહે છે, પણ આખા દિવસમાં એક પણ માળા જપતો નથી. જાપનો મહિમા તો બહુ ભારે છે, એમાં પ્રગતિ કરતાં કરતાં તો પ્રાણી ધ્યેયમય થઇ જાય. આને જ્યારે અંદર અજપાજાપ ચાલે ત્યારે તો માળાની પણ જરૂર ન રહે. પણ એ દિવસ ક્યાં ? આ તો જાપ જપવાના પણ વાંધા, ત્યાં અજપાજાપની વાતો શી કરવી ? કોને મ્હોઢે કરવી ? કોના સંબંધમાં કરવી ?

કાંઇ ન બની શકે તો આખા દિવસમાં નવકારવાળી–માળા એક બે વાર ફેરવાય તો પણ કાંઇક તો કુણાશ જરૂર રહે, એટલો સમય વચન અને ક્રિયા પર અંકુશ જરૂર રહે અને અભ્યાસથી મન પર પણ કાબૂ આવતો જાય. ધ્યેયની સ્પષ્ટતા હોય તો મનોજયને અંગે તે ખૂબ સાથ આપે છે અને એક વાર ગાડું રસ્તે ચઢી જાય તો પછી ઓછી વધતી ગતિએ આખરે ધારેલ ઠેકાણે પહોંચી જવાય છે.

પણ આ ભાઇને તો ધનમાલ સંબંધીનો, ઘરબાર, વાડી–વજિફાનો, પુત્ર, સ્રી અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સગાંવહાલાંઓનો એવો મોહ લાગ્યો છે કે એને અનંત મૂલ્યવાન મહાધનની કિંમત કે પીછાન થતી નથી. એ પોતાના કરમીવટામાં કે નિષ્ક્રિયતામાં રાચ્યોમાચ્યો રહે છે અને સંસાર-ચક્કરમાં પડી જઇ માંદો પડે છે ત્યારે હારીને બેસી જાય છે. પછી વિલ કરવાનો વિચાર કરે છે, હાથે ન ખરચી શકયો તેનો બદલો વાળવા પ્રયત્ન કરે છે, અનેક પ્રકારના પશ્ચાત્તાપ કરે છે અને કદાચ શુદ્ધિ હોય તો સાચી મૂંઝવણ પણ દેખાડે છે. આ સર્વ અર્થવગરની વાત છે, વગરવિચાર્યે ગાળેલ જીવનનાં રોદણાં છે, દુરદેશી વગર ખડકેલા ઢગલાઓના પોકાર છે, વિચાર વગર કરેલ દોડાદોડીનાં આમળાં છે. મમ્મણશેઠને સોનાના બળદ હતા, એકનું શીંગડું અધૂરું હતું. હીરામાણેકથી જડેલ બળદ હોવા છતાં એને સંપત્તિ અધૂરી લાગતી હતી, પણ એના નસીબમાં તો તેલ ને ચોળા જ હતાં. બીજી ચીજ એને ભાવતી નહોતી અને ખાય તો પચતી પણ નહોતી. આવા મમ્મણશેઠો આપણે ઘણા જોઇએ છીએ. એ વાપરી પણ શકે નહિ અને આપી પણ શકે નહિ. એને નવકારવાળી ગણવાની તો વાત શી હોય, પણ એને ધન સિવાય દુનિયામાં બીજી કોઇ વાત સુજતી નથી. એને રાત્રે બાર વાગે પણ નદીમાંથી લાકડાં ખેંચવાનાં જ હોય છે. આવી ધનની સ્થિતિ છે, આવી સંસારની સ્થિતિ છે, આવી સગપણ સ્નેહની સ્થિતિ છે. પ્રાણી એની અંધીનાં પડી જઇ સ્વને પણ ભૂલી જાય છે, એને અહીં મૂકી જવાના છે એ વાતને પણ વિસ્મરી જાય છે. આવી તૃષ્ણાથી ઓસરવા ભગવાનને ઓળખવાની, એની જપમાળા જપવાની, અને વારંવાર એ આદર્શને યાદ કરવાની જરૂર છે. જાપ એવું કારણ બને છે અને ન આવડે તો જાપ જપતાં પણ શેઠ ઢેઢવાડે ગયા છે એવું કહેવરાવે છે. નિરંજન નાથ થવું હોય તો જાપ પ્રાથમિક માર્ગ છે અને આદર્શને લાયક થવા માટે સુંદર ઉપાય છે. રાગની ચીકાશને મોળી પાડવા, કુટિલતાને નરમ કરવા, પાકી વળગણને ઢીલી કરવાનું પ્રબળ કારણ જાપ હોઇ કવિ નિરંજન નાથનો જાપ કરવા ભલામણ કરે છે અને આખા દિવસમાં એક પણ માળા ન ગણી શકનાર ભવાભિનંદીના સંબંધમાં શોકોદ્ગાર કાઢે છે. આ સર્વ પશ્ચાત્તાપની કબૂલાતો છે, માર્ગે ચઢનારની પ્રાથમિક ભૂમિકા છે, સ્વને ઓળખવાના માર્ગે ચઢવાની દશા છે અને નિજકૃતાર્થતા પ્રાપ્ત કરવાના દ્વારનું ઉદ્ઘાટન છે. આવી પશ્ચાત્તાપની દશા પણ વિરલ છે, પણ છતાં કર્તવ્ય છે, ખૂબ વિચારણા માગે છે અને પરમ શ્રેય સાધનાર હોઇ આદરણીય છે.

મૌક્તિક

**દુહા**—યહી પ્રાર્થના કરો હમેશાં, યહી માગો વરદાન;
જન્મ જન્મ તેરી ભક્તિ કરકે, મસ્ત રહું ભગવાન. ૧
જીવન તેરે ચરણુમેં, સોંપ દીયા જિનરાજ;
અબ કયા મુજકો ફીકર હૈ, મીલ ગયે તારનહાર. ૨
દેખ રહા કયા નયનસે, જીવન જાણ અણમોલ;
ચેત ચેત મન મુખસે, જિન નામ વિના મત બોલ. ૩

એન. બી. શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કેટલાક ન્યાય

( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. )

**ભાવ**–' ન્યાય ' શબ્દના અનેક અર્થો છે. **આપ્ટેકૃત** સંસ્કૃત–અંગ્રેજી કોશમાં એના ચૌદ અર્થો આપેલા છે. એ પૈકી " a popular maxim, an opposite illustration, illustration " એવો જે આઠમો અર્થ ત્યાં અપાયેલો છે એ અત્ર પ્રસ્તુત છે. **સાર્થ ગૂજરાતી જોડણીકોશ**માં ' ન્યાય ' શબ્દના પાંચ અર્થો જોવાય છે. એમાંનો "દૃષ્ટાંત; કહેવત ઉદાહરણ: કાકતાલીય ન્યાય" એ અર્થ અહીં અભિપ્રેત છે, જો કે એ અર્થમાં તેમજ અંગ્રેજીમાં સૂચવાયેલા અર્થમાં પણ કંઇક ખામી રહે છે; કેમકે ન્યાય એટલે ઉદાહરણ એમ જ નહિ, પણ ઉદાહરણના ભાવ કરતાં એમાં વિશેષ ભાવ છે—સંક્ષિપ્તતા અને સચોટતા પણ છે. આ હકીકત કહેવત કે લોકોક્તિ એવો જે ન્યાયનો અર્થ કરાય છે તેને અંગે પણ કહી શકાય; કારણ કે દરેક કહેવત એ કંઇ ન્યાય નથી તેમજ દરેક ન્યાય એ કહેવત પણ નથી, જો કે બંનેની પાછળ અનુભવનો પડઘો છે. વિશેષમાં અમુક અમુક ન્યાયો અમુક અમુક કહેવતોમાંથી ઉદ્દભવ્યા હોય એમ લાગે છે; તો પછી એ બે એકાર્થક જ છે એમ કેમ કહેવાય ?

**ઉદ્દ્ભવ**–કોઇ એક બાબતનો નિર્દેશ કરતી વેળા તે શેના જેવી છે એ દર્શાવવા માટે અમુક સર્વસાધારણ અને સર્વસંમત નિયમનો–ઘટનાનો ઉલ્લેખ કરવાના પ્રસંગમાંથી ન્યાયનો ઉદ્દ્ભવ થયો હશે એમ લાગે છે. આ ઘટના એ ન્યાયની પૂર્વભૂમિકા છે, નહિ કે સર્વ ન્યાયોની. આવી પરિસ્થિતિમાં ન્યાયનો ઉત્પત્તિ સમય કયો એનો અંતિમ ઉત્તર આપવો એ અશક્ય નહિ તો દુ:શક્ય તો છેજ; કેમકે એક તો અત્યાર સુધીમાં કેટલા ન્યાયો ઉદ્દ્ભવ્યા છે–ઉલ્લેખાયા છે તે જાણવું જોઇએ અને એ દરેક ન્યાયમાં કયો પહેલો છે એ પણ નક્કી થવું જોઇએ. આથી અહીં કેટલાક ન્યાયોનો ગ્રંથસ્થ સાહિત્યમાં નિર્દેશ જોઇ સ્થૂળ અનુમાન દોરી સંતોષ માનવો પડે છે.

ન્યાયોની જે વિવિધતા અને વિપુલતા પ્રાચીન ભારતીય સાહિત્યમાં જણાય છે તે સૂત્રાત્મક શૈલી તરફની તે સમયના લોકોની રુચિ અને નિરીક્ષણશક્તિને આભારી છે.

**ક્ષેત્ર**–વ્યાકરણ શાસ્ત્ર, અલંકાર શાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના ગ્રંથો એ ન્યાયોનું પ્રિય ક્ષેત્ર છે, કેમ કે ત્યાં એ મોજથી મહાલતા જોવાય છે. અર્થાન્તરન્યાસ અને ઉદાહરણ એ બે ન્યાયને જોઇતો ખોરાક પૂરો પાડે છે અને એ વડે ન્યાયનો દેહ પોષાય છે, આથી તો કોઇ કોઇ વાર ન્યાયના દર્શન કાવ્યોમાં–નાટકોમાં પણ થાય છે. ઉદાહરણાર્થે મૃચ્છકટિક- ( ૧૦–૬૦ ) થી ' કૂપયન્ત્રઘટિકા ' ન્યાયનો નિર્દેશ છે એ હકીકત હું સૂચવું છું.

આપણા ભારતીય સાહિત્યના સંવર્ધનમાં અને સંરક્ષણમાં જૈનોનો પણ બૌદ્ધો અને વૈદિકોની પેઠે સબળ હિસ્સો છે. જૈન સાહિત્ય તરફ નજર કરતાં **યાકિની** મહત્તરાના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મસૂનુ તરીકે પોતાને ઓળખાવનાર અને આધુનિક વિદ્વાનો પૈકી મોટા ભાગની માન્યતા મુજબ ઈ. સ. ૭૦૦ થી ઈ. સ. ૭૭૦ ના ગાળામાં થઇ ગયેલા **હરિભદ્રસૂરિએ અનેકાન્તજયપતાકા**માં કેટલાક ન્યાયોનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. એમની પહેલાંની કોઇ **જૈન** કૃતિમાં એવો સાક્ષાત્ નિર્દેશ વાંચ્યાનું મને સ્ફુરતું નથી. **આયાર** નામના પહેલા અંગમાં જે 'અંધકંટઇજ્જ' શબ્દ વપરાયેલો છે એને જો ન્યાયસૂચક ગણીએ તો એક રીતે વિચારતાં છેક **મહાવીરસ્વામી**ના સમયથી જૈન કૃતિમાં ન્યાયને સ્થાન અપાયું છે એમ કહેવાય. **હરિભદ્રસૂરિ**ની પછી થયેલા અનેક આચાર્યોએ ન્યાયોનો નિર્દેશ કર્યો છે એ જાણીતી વાત છે.

આ પ્રમાણે આપણે અજૈન સાહિત્યનો પણ વિચાર કરશું તો જણાશે કે કેવલાદ્વૈતના પુરસ્કર્તા અને પ્રો. **કીથની** માન્યતા પ્રમાણે ઇ. સ. ૭૮૮ માં જન્મેલા **શંકરાચાર્યે બાદરાયણકૃત બ્રહ્મસૂત્ર** યાને **શારીરકસૂત્ર** ઉપર જે ભાષ્ય રચ્યું છે તેમાં તેમણે કેટલાક ન્યાયોનો ઉલ્લેખ કર્યો છે. એમની પહેલાંની કોઇ અજૈન કૃતિમાં એમની જેમ પુષ્કળ ન્યાયનો નિર્દેશ કરાયો હોય તો તે મારા જાણવામાં નથી; બાકી ન્યાયોનો ઉલ્લેખ તો છે. **ઋગ્વેદમાં**[1] અને બ્રાહ્મણોમાં કહેવત નજરે પડે છે પણ એમાં કોઇ ન્યાયનો સ્પષ્ટ ઉલ્લેખ જણાતો **નથી**. **બૃહદારણ્યક** ( અ. ૪, બ્ર. ૩ ) માં '**आत्मैवास्य ज्योतिर्भवतीति**' એવું જે વાક્ય છે તેના ઉપરની ટિપ્પણીમાં શ્રી **દત્તાત્રેય કાલેલકરે** કહ્યું છે કે "બહારથી શરૂ કરીને અંદર **आत्मा** સુધી આવી પહોંચ્યા. એમ કરવાનું કારણ ઉપાસનાની દૃષ્ટિ છે. આને **अरुन्धतीदर्शनन्याय** કહે છે. અરુંધતીનો ઝીણો તારો બતાવવાને માટે પહેલાં મ્હોટા-સ્થૂલ તારા બતાવે છે અને ધીમે ધીમે અરુંધતી તરફ લઇ જાય છે."

**મીમાંસાસૂત્ર** (૧-૨-૪) ઉપરના શાબરભાષ્યમાં, વાત્સ્યાયનના **કામસૂત્ર**માં અને **તૈત્તિરીય પ્રાતિશાખ્ય**( ૨-૫૧, ૪-૪, ૧૩-૩ )ના ભાષ્યમાં ન્યાયસૂચક ઉલ્લેખ છે. **અનેકાન્તજયપતાકા**માં જે ન્યાયનો નિર્દેશ છે તે નીચે મુજબ છે :

( ૧ ) **गड्डुप्रवेशेऽक्षितारकाविनिर्गमन्याय** ( ખંડ ૧, પૃ. ૫૬ )

( ૨ ) **मायागोलकन्याय** ( ખંડ ૨, પૃ. ૨૦૨ )

આ ઉપરાંત બીજા ખંડ (પૃ. ૧૬૮) માં **"पिशाचभयात् पितृवनसमाश्रयणम्"** એવો જે ઉલ્લેખ છે તેને પણ ન્યાય ગણીએ તો ન્યાયની સંખ્યા ત્રણની થાય છે.

**અનેકાન્તજયપતાકા**ની સ્વોપજ્ઞ વ્યાખ્યાના ટિપ્પણ(ખં. ૨, પૃ. ૧૭૮) માં એના કર્તા **મુનિચન્દ્રસૂરિએ** ' દાસીગર્દભ ' ન્યાયનો ઉલ્લેખ કર્યો છે.

**આયાર**ની ટીકામાં **શીલાંકસૂરિએ** પણ ન્યાય વિષે ઇસારો કર્યો છે કેમકે એની ઇ. સ. ૧૯૩૫ માં છપાયેલી આવૃત્તિમાં ૧૭ **अ** પત્રમાં ' કાકતાલીય, અજાકૃપાણીય, આતુરભેષજ્ય અને અંધકંટકીય'નો ઉલ્લેખ છે, જો કે ત્યાં એ કોઇ શબ્દ સાથે ' ન્યાય ' શબ્દ વપરાયેલો નથી.

૧. " न ऋते श्रान्तस्य सख्याय देवा: " ( ૪-૩૩-૧૧ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વર્ધમાનસૂરિ**એ જે **ગુણરત્નમહોદધિ** નામનું વ્યાકરણ સ્વોપજ્ઞ વૃત્તિ સાથે ઇ. સ. ૧૧૪૧ માં રચ્યું છે તેમાં ન્યાયો[1] છે. વળી નવાંગી વૃત્તિકાર **અભયદેવસૂરિ**એ પણ અંગોની ટીકામાં ન્યાયનો નિર્દેશ કર્યો છે. દાખલા તરીકે **પણ્હાવાગરણ**ની ટીકામાં **यथोद्देशं निर्देशः** ( પત્ર ૩ **आ** ) અને **तत्त्वभेदपर्यायैर्व्याख्या** ( પત્ર ૪ **आ** ) એમ બે ન્યાયોનો ઉલ્લેખ છે.

**સમ્મઈપયરણ**ની પંચાનન **અભયદેવસૂરિ**કૃત વ્યાખ્યા( પૃ. ૫૫ )માં 'કાકતાલીય' ન્યાય નિર્દેશાયેલો છે.

ઈ. સ. ૧૧૭૩ માં ૮૪ વર્ષની ઉમ્મરે સ્વર્ગે સંચરેલા કલિકાલસર્વજ્ઞ **હેમચન્દ્રસૂરિ**એ પણ ન્યાયોનો નિર્દેશ કર્યો છે. દાખલા તરીકે એમણે **પ્રમાણમીમાંસા**ની સ્વોપજ્ઞ વૃત્તિમાં ' દ્રવિડમંડકભક્ષણ ' ન્યાય ( અ. ૧, આ. ૨. સૂ. ૨ ની વૃત્તિ ) અને 'યાચિતકમંડન' ન્યાય (અ. ૧, આ. ૧, સૂ. ૮ ની વૃત્તિ) એમ બે ન્યાયોનો નિર્દેશ કર્યો છે.

**ગુર્વાવલી** પ્રમાણે વિ. સં. ૧૩૨૭( ઇ. સ. ૧૨૭૧ )માં સ્વર્ગે સંચરેલા **દેવેન્દ્રસૂરિ**એ પણ કર્મગ્રંથોની સ્વોપજ્ઞ ટીકામાં કેટલાક ન્યાયોનો ઉલ્લેખ કર્યો છે. દાખલા તરીકે **કમ્મવિવાગ**ની ટીકામાં ' ક્ષીરનીર ' ( પૃ. ૧ ), **यथोद्देशं निर्देशः** ( પૃ. ૬ ) ' મદનકોદ્રવ ' ( પૃ. ૩૦ ) એ ન્યાયોનો ઉલ્લેખ છે. ' કોલિકનલિક ' ન્યાય પણ કોઇ કર્મગ્રંથની ટીકામાં નિર્દેશાયેલ છે એવું મને સ્ફુરે છે.

ઇ. સ. ૧૨૯૨ માં પૂર્ણ કરાયેલી **સ્યાદ્વાદમંજરી**માં એના કર્તા **મલ્લિષેણસૂરિ**એ વિવિધ ન્યાયોનો નિર્દેશ કર્યો છે. આની **જગદીશચન્દ્ર શાસ્ત્રી**દ્વારા સંપાદિત આવૃત્તિમાં લગભગ અન્તમાં પૃ. ૨૭ ઉપર નીચે પ્રમાણે વીશ ન્યાયો રજૂ કરાયા છે.

( १ ) अदित्सोर्वणिजः प्रतिदिनं पत्रलिखितश्वस्तनदिनभणनन्यायः

( २ ) अन्धगजन्यायः

( ३ ) अर्धजरतीन्यायः

( ४ ) इतो व्याघ्र इतस्तटी

( ५ ) इत्यादि बहुवचनान्ता गणस्य संसूचका भवन्ति

( ६ ) उत्सर्गापवादयोरपवादो विधिर्बलीयान्

( ७ ) उपचारस्तत्त्वचिन्तायामनुपयोगी

( ८ ) गजनिमीलिकान्यायः

( ९ ) घट्टकुट्यां प्रभातम्

( १० ) घण्टालालान्यायः

---

૧. ૬-૧૯૫ ની વૃત્તિમાં ' અન્ધકવર્તકીય ' ન્યાય સમજાવાયો છે. આ ન્યાયસૂચક શબ્દ **યશસ્તિલક**( ૨-૧૫ )માં વપરાયેલો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૧) डमरुकमणिन्यायः

(१२) तद्दादर्शिशकुन्तपोतन्यायः

(१३) तुल्यबलयोर्विरोधः

(१४) न हि दृष्टेऽनुपपन्नं नाम

(१५) स्तेनभीतस्य स्तेनान्तरशरणस्वीकरणम्

(१६) सर्वे गत्यर्था ज्ञानार्थाः

(१७) सर्वं हि वाक्यं सावधारणम्

(१८) साधनं हि सर्वत्र व्याप्तौ प्रमाणेन सिद्धायां साध्यं गमयेत्

(१९) सापेक्षमसमर्थम्

(२०) सुन्दोपसुन्दन्यायः

આ પૈકી કેટલાક ન્યાય ગણાય કે કેમ એવો પ્રશ્ન ઉઠાવી શકાય તેમ છે.

દિગંબર સાહિત્યમાં પણ ન્યાયો જોવાય છે. દાખલા તરીકે **પુષ્પદંતે** અને **ભૂતબલિએ** રચેલી **છક્ખંડાગમની વીરસેન** આચાર્યકૃત **ધવલા** ટીકામાં ન્યાય છે. અત્યારે મારી સામે એના ચોથા અને પાંચમા વિભાગ છે. ચોથાના પરિશિષ્ટ( પૃ. ૨૭ )માં પાંચ ન્યાયોક્તિ અપાયેલી છે. તેમાં બેનો ન્યાય તરીકે સ્પષ્ટ ઉલ્લેખ છે, જ્યારે બાકીનાનો નથી. વિશેષમાં અહીં સંસ્કૃતમાં તેમજ પાઇય( પ્રાકૃત )માં પણ ન્યાયો અપાયેલા છે. આ વાત આ ન્યાયો હું નીચે મુજબ રજૂ કરું છું એ ઉપરથી જણાશે.

( १ ) ' अवयवेषु प्रवृत्ताः शब्दाः समुदायेष्वपि वर्तन्ते ' इति न्यायात् ।

( २ ) गौणमुख्योर्मुख्ये सम्प्रत्ययः ' इति न्यायात् ।

( ३ ) खीरकुंभस्स मधुकुंभो व्व ।

( ४ ) गिम्हकालरुक्खछाहीव ।

( ५ ) जहा उद्देसो तहा णिद्देसो ।

પાંચમા ખંડના પરિશિષ્ટ( પૃ. ૩૩ )માં ચાર ન્યાયોનો ઉલ્લેખ છે. તેમાંનો બીજો ન્યાય તે ચોથા ખંડમાં અપાયેલો પાંચમો ન્યાય છે. બાકીના નીચે મુજબ છે.

( १ ) एगजोगणिद्दिट्ठाणमेगदेसो णाणुवट्टदि ।

( २ ) कारणाणुसारिणा कज्जेण होदव्वं ।

( ३ ) समुदाएसु पयट्टाणं तदेगदेसे वि पउत्ति दंसणादो ।

આ પૈકી પહેલી બે પંક્તિઓના ઉલ્લેખમાં નાય ( સં. ન્યાય ) શબ્દ વપરાયેલો છે.

**કપ્પૂરમંજરી**માં 'માયે સાથ અને વૈદ દેશાન્તરમાં' એ મતલબનો ન્યાય પાઇયમાં છે. આ ભાવાર્થ **મુદ્રારાક્ષસ**માં પણ પાઇયમાં છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુણરત્ન સંવત્સર તપ

આ તપમાં પહેલે મહિને એક ઉપવાસ ને પારણું, બીજે મહિને બે ઉપવાસ ને પારણું, એમ સોળમે મહિને સોળ ઉપવાસ ને પારણું, એમ ચડતું ચડતું કરવાનું છે. એકંદર આ તપ સોળ માસનો અથવા ૪૮૦ દિવસનો સતત કરવાનો છે. તેમાં ૪૦૭ ઉપવાસ ને ૭૩ પારણા થાય છે, એટલે કુલ દિવસો ૪૮૦ થાય છે. તે આ પ્રમાણે—

| કેટલા ઉપવાસ | કેટલી વાર | કુલ ઉપવાસ | કુલ પારણા | કુલ દિવસો. |
|---|---|---|---|---|
| ૧ | ૧૫ | ૧૫ | ૧૫ | ૩૦ |
| ૨ | ૧૦ | ૨૦ | ૧૦ | ૩૦ |
| ૩ | ૮ | ૨૪ | ૮ | ૩૨ |
| ૪ | ૬ | ૨૪ | ૬ | ૩૦ |
| ૫ | ૫ | ૨૫ | ૫ | ૩૦ |
| ૬ | ૪ | ૨૪ | ૪ | ૨૮ |
| ૭ | ૩ | ૨૧ | ૩ | ૨૪ |
| ૮ | ૩ | ૨૪ | ૩ | ૨૭ |
| ૯ | ૩ | ૨૭ | ૩ | ૩૦ |
| ૧૦ | ૩ | ૩૦ | ૩ | ૩૩ |
| ૧૧ | ૩ | ૩૩ | ૩ | ૩૬ |
| ૧૨ | ૨ | ૨૪ | ૨ | ૨૬ |
| ૧૩ | ૨ | ૨૬ | ૨ | ૨૮ |
| ૧૪ | ૨ | ૨૮ | ૨ | ૩૦ |
| ૧૫ | ૨ | ૩૦ | ૨ | ૩૨ |
| ૧૬ | ૨ | ૩૨ | ૨ | ૩૪ |
| | | ૪૦૭ | ૭૩ | ૪૮૦ |

આ તપ સાધુ શ્રાવક બંનેને કરવાનો છે, પરંતુ આગાઢ છે, વચ્ચે મૂકી શકાતો નથી. ગુણણું **'ગુણરત્નસંવત્સરતપસે નમઃ'** એ પ્રમાણે ગણવું. તેવી વીશ નવકારવાળી ગણવી. સાથીઆ, ખમાસમણ વિગેરે બાર બાર કરવાં.

ઉદ્યાપનમાં મોટા સ્નાત્રપૂર્વક જિનપૂજા, સંઘપૂજા, સાધુપૂજા વિગેરે યથાશક્તિ કરવું.

આ તપ શ્રી વીરપ્રભુના શિષ્ય સ્કંદક મુનિએ કર્યો છે.

આ તપમાં પારણે શું કરવું તે કહેલ નથી, પરંતુ એકાસણું સંભવે છે. આ તપ આ કાળમાં કેટલાક મુનિઓ કરી શકે તેવો છે, પરંતુ આગાઢ હોવાથી એટલે તેમાંથી નીકળાય જ નહીં અને નીકળાય તો ફરીને થઇ શકે જ નહીં તેવો હોવાથી વિચારણીય છે.

કુંવરજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમકિતદૃષ્ટિ જીવ કેવો હોય ?

**સમકિતદૃષ્ટિ** શબ્દ જૈનશૈલીનો પારિભાષિક છે. સામાન્ય રીતે તો સમ્યગ્દૃષ્ટિ એટલે યથાર્થ દૃષ્ટિ એવો અર્થ થાય, પણ જૈનશાસ્ત્રમાં સમકિત વ્યવહાર ને નિશ્ચય એમ બે પ્રકારનું કહ્યું છે. શુદ્ધ દેવગુરુધર્મની પરીક્ષાપૂર્વક ૬૭ શ્રદ્ધાવાળું સમકિત તે વ્યવહાર સમકિત, નિશ્ચય સમકિતનું તે કારણ છે. નિશ્ચય સમકિત તો મોહનીયકર્મની સાત પ્રકૃતિઓના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ થવાથી થાય છે. તે આત્મિક ગુણ હોવાથી તેને વિશિષ્ટ જ્ઞાની જ જાણી શકે છે. આપણે તો આ નીચે લખેલા ગુણોથી તેમજ સમકિતના ૬૭ બોલની સજ્ઝાયમાં બતાવેલા ભેદો અથવા ગુણોથી સમજી શકીએ છીએ. જૈન શાસ્ત્ર તો નિરપેક્ષપણે કહે છે કે જેમાં યત્કિંચિત્ પણ રાગ, દ્વેષ કે મોહજન્ય દોષ ન હોય તે દેવ, કંચનકામિનીથી સર્વથા ન્યારા, સંસારમાં અનાસક્ત અને તેમના આચારને વિશુદ્ધપણે પાળનારા તે **ગુરુ** અને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને સંતોષ જેમાં મુખ્ય છે એવો પૂર્વોક્ત દેવોએ કહેલો અને સુગુરુએ બતાવેલો તે **ધર્મ**. આ ત્રણ પદાર્થને યથાર્થ જાણે અને પૂર્ણ શ્રદ્ધાથી સદ્દહે તેને સમકિત-દૃષ્ટિ કહેવો. સમકિતી જીવોમાં કેવા પ્રકારના ગુણો હોય તેનું દિગ્દર્શન માત્ર કરીએ.

દુરાગ્રહી ન હોય, સરલ હોય, વિચક્ષણ હોય, દયાળુ હોય, લજ્જાળુ હોય, માયાળુ હોય, સત્યવક્તા હોય, પ્રમાણિક હોય, સંતોષી હોય, નિરભિમાની હોય, દેશકાળને સમજનારો હોય, કૃતજ્ઞ હોય, લોકપ્રિય હોય, પરોપકારપરાયણ હોય, અવંચક હોય, ભક્ષ્યાભક્ષ્યના વિવેકવાળો હોય, કૃત્યાકૃત્યને જાણનારો હોય, રાજવિરુદ્ધ તથા લોકવિરુદ્ધને તજનારો હોય, કુટુંબકલેશથી દૂર રહેનાર હોય, ધર્મપરાયણ હોય, શુભાકાંક્ષી હોય, પરનિંદાને તજનારો હોય, આત્મપ્રશંસાથી દૂર રહેનારો હોય, સ્વદારાસંતોષી હોય, સદાચરણી હોય, યોગ્ય સ્થાને વસનારો હોય, દીર્ઘદર્શી હોય, સૌમ્ય પ્રકૃતિવાળો હોય, ક્ષુદ્ર ચિત્તવાળો ન હોય, પાપભીરુ હોય, ગુણનો રાગી–ગુણનો પક્ષપાતી હોય, પ્રસન્ન મનવાળો હોય, મિષ્ટ વચનનો બોલનારો હોય, કટુભાષી ન હોય, મર્મજ્ઞ હોય પણ મર્મઘાતક ન હોય, વિનીત હોય, વૃદ્ધોનો અનુયાયી હોય, પ્રાર્થનાભંગભીરુ હોય, લબ્ધલક્ષ હોય અને શુદ્ધ ( નિર્દોષ ) દેવ, ગુરુ, ધર્મનો પરીક્ષક તેમજ સેવનારો હોય અને અન્ય અનેક બંધુઓને તે માર્ગે વાળનાર હોય.

ઉપર બતાવેલા ગુણોમાં કેટલાક ગુણો બહુ રહસ્યવાળા છે. જુઓ ! સમકિત-દૃષ્ટિ મનુષ્ય કોઇપણ બાબતમાં ખોટો આગ્રહ કરે નહીં. સાચી વાત સમજાય તો તરત જ પોતાનો આગ્રહ છોડી દે. આવા મનુષ્યો જ સરલ કહેવાય છે. વિચક્ષણ મનુષ્ય દરેક બાબતને બરાબર સમજી શકે. કોઇની ખોટી બાબતમાં લેવાઇ ન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય. દક્ષ હોય તેમ જ દાક્ષિણ્યતાવાળા હોય, તે દાક્ષિણ્યતા છોડી ન શકે. કોઈ તેના ભદ્રિકપણાનો ખોટી રીતે લાભ લેતા હોય તો તેને સમજે પણ દાક્ષિણ્યતા છોડી શકે નહીં. આ ગુણ જેવો તેવો નથી, બહુ કિંમતી છે. દયા તો તેના રોમેરોમમાં ભરેલી હોય, કોઈપણ કારણે હિંસા થતી જુએ કે જાણે તો તેનું યથાશક્તિ નિવારણ કરે. અસત્ય બોલતાં તો તેનું હૃદય કંપી ઊઠે. અપ્રમાણિકપણું કરીને કોઇને ઠગે નહીં. અતિ તૃષ્ણાવાળા ન હોય, ભાગ્યની પ્રતીતિવાળા હોય અસંતોષી મનુષ્યોને જોઇને તેને દયા આવે. અભિમાન તો તે કરે જ નહીં. તેને પોતામાં કોઈપણ વસ્તુ અભિમાન કરવા જેવી દેખાય જ નહીં. પોતાથી: અધિક બુદ્ધિવાળા, અધિક અભ્યાસી, અધિક દ્રવ્યવાળા, અધિક આબરુ-ઇજ્જતવાળા, અધિક રૂપવાળા એમ અનેક બાબતમાં બીજાઓને પોતાથી અધિક જુએ એટલે તેને અભિમાન કરવાપણું જ ન હોય. દેશકાળને અનુસરીને વર્તનારા હોય, બીજાએ કરેલા ગુણને જાણનાર હોય. લોકહિતનાં-પ્રજાસેવાનાં કાર્યો કરનાર હોવાથી લોકોમાં પ્રિયતાવાળો હોય. લોકો તેને જોઇને પ્રસન્ન થાય. પરોપકાર કરવા જેવો વિષય જાણે કે તરત જ પરોપકાર કરવામાં તત્પર થઇ જાય. પરોપકાર તેને અંતઃકરણથી પ્રિય હોય. કોઇને ઠગવું તે પોતાના આત્માને ઠગવારૂપ જ જાણે, તેથી તે કદી પણ બીજાને ઠગે નહીં. આ વસ્તુ ખવાય કે આ ન ખવાય, આ સ્થળે ખવાય કે આ સ્થળે ન ખવાય, આવા મનુષ્યને હાથે અથવા તેની દૃષ્ટિએ ખવાય કે ન ખવાય એમ બધી રીતે ભક્ષ્યાભક્ષ્યનો જાણનાર હોય. ઉપલક્ષણથી પેયાપેયનો વિવેકી પણ સમજી લેવો. મદિરાદિક વસ્તુઓ પીવાય જ નહીં એમ સમજનાર હોય. કૃત્યાકૃત્ય-આ કાર્ય મારાથી કરાય અને આ કાર્ય ન કરાય એને બરાબર સમજનાર હોય અને તેવી સમજણને લઈને કરવા યોગ્ય કાર્યનો જ કરનારો હોય. રાજવિરુદ્ધ, લોકવિરુદ્ધ ને ઉપલક્ષણથી ધર્મવિરુદ્ધ કોઇપણ પ્રવૃત્તિમાં ભાગ લેનાર ન હોય. એવી વિરુદ્ધ પ્રવૃત્તિ કરનારાઓના સંસર્ગથી દૂર રહેનારો હોય. દરેક રીતે પોતે નુકશાન સહન કરીને પણ કુટુંબમાં સંપ જાળવવાની અપેક્ષાવાળો હોય. ધર્મ તો તેના અંતઃકરણનું મધ્ય-બિંદુ હોય, તે જ તેને પ્રિય લાગે. કાયમ સારી આકાંક્ષા-વાંચ્છા કરનારો હોય, તેના વિચારો જ એવા હોય. પરનિંદા કરવામાં-બોલવામાં તો મૂક હોય. પોતાની પ્રશંસા પોતે તો ન જ કરે પણ બીજાની કરેલી પોતાની પ્રશંસા સાંભળવા માટે પણ કાનને બંધ કરનારો હોય. આત્મપ્રશંસાનો ઇચ્છક જ ન હોય. પરસ્રીને માતા કે બહેન સમાન ગણનાર હોય. સદાચરણીમાં તો તે અગ્રણી હોય. સદાચરણીની ગણનામાં તે પ્રથમ પદે આવે તેવો હોય. સારા સદ્‌ગુણી મનુષ્યોના પાડોશમાં જ વસનારો હોય, પાડોશીના આચરણની અસર પોતાના પરિવારને પણ સજ્જડ થાય છે એમ માનનાર હોય. દીર્ઘદર્શી-દરેક બાબતમાં પરિણામ પર્યંત નજર પહોંચાડનારો હોય. સાહસ કરનારો ન હોય. પ્રકૃતિએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાંત હોય, ઉગ્ર ન હોય, તુચ્છ ચિત્તવાળો ન હોય-મનની વિશાળતાવાળો હોય. પાપનાં કટુક ફળ ચાખેલાં હોવાથી પાપભીરુ હોય-પાપ કરી ન શકે. ગુણનો કહો કે ગુણીનો કહો-પક્ષપાતી હોય. ગુણ ઉપર જ તેનો અનુરાગ હોય. મિષ્ટ વચન બોલનારો હોય. તેના મુખમાંથી કટુ વચન તો નીકળે જ નહીં. અનેક મનુષ્યના મર્મનો જાણનાર હોય પણ કોઇના મર્મને ઉઘાડનાર ન હોય. મર્મનો ઘાત તો કદાપિ ન કરે. વૃદ્ધના વિચારને અનુસરીને વર્તન રાખનારો હોય. વૃદ્ધોનું અપમાન કરનારો કે તેમના કથનથી વિરુદ્ધ વર્તનારો ન હોય. કોઇની પણ પ્રાર્થનાનો ભંગ કરી ન શકે, યથાશક્તિ પ્રાર્થનાની પૂર્તિ કરવાના વિચારવાળો હોય અને લબ્ધલક્ષ હોય-કોઇપણ વિષયના રહસ્યને સમજી શકે તેવી તીક્ષ્ણ બુદ્ધિવાળો હોય, મુગ્ધ ન હોય. પ્રાંતે કહેલ છે કે શુદ્ધ દેવગુરુધર્મનો પરીક્ષક હોઇને તેમની આજ્ઞાનુસાર વર્તનારો હોય. આ છેલ્લો ગુણ બહુ વિશાળ છે અને તેને લગતી ઘણી વિચારણા માગે તેવો છે તેને લગતું વિવેચન બીજે પ્રસંગે જણાવાશે.

આવા બધા ગુણો જોઇને ચમકી જવું નહીં કે આવા ગુણો તો આપણામાં સંભવે તેમ નથી તેથી આપણામાં સમકિત સંભવે જ શી રીતે? પરંતુ દરેક ગુણમાં તરતમયોગ ઘણો હોય-કોઈ ગુણ અલ્પાંશે હોય તો કોઇ ગુણ વિશેષ હોય. વળી ગુણો એકબીજાના સંબંધવાળા હોય છે તેથી જ્યાં એક ગુણ વધારે પ્રમાણમાં લાવે ત્યાં ઓછેવત્તે અંશે બીજા ગુણો આવ્યા વિના રહે જ નહીં. અલ્પ પ્રમાણમાં હોય તે ગુણ જણાય નહીં, પરંતુ જે ગુણો મેળવવાનો અભિલાષી હોય તેનામાં ધીમે ધીમે સર્વે ગુણો આવ્યા જ કરે છે. ખાસ જરૂર દુર્ગુણોથી દૂર રહેવાની અને સદ્‌ગુણની સન્મુખ થવાની છે એટલે ધીમે ધીમે સારા ગુણવાનની પંક્તિમાં આવી શકાય છે. આ સંબંધમાં વધારે લખવાની જરૂર નથી. આખા લેખ ઉપરથી તેનો એક પણ વિભાગ રુચે તે ગ્રહણ કરવામાં આવશે તો હું મારો પ્રયત્ન સફળ થયો એમ માનીશ.

કુંવરજી

## શ્રી વીરજિન સ્તુતિ

ભવદુઃખ ભંજનહાર, સદા વીર પ્રભુજીને ભજીએ;
શિવસુખ પરમાધાર, સદા વીર પ્રભુજીને ભજીએ. ભવ૦
**સાખી**—અશરણ શરણ થનાર, મોક્ષ પરે સુખ શાંતિ કરનાર,
ભક્તને ભવજલ તારણહાર, બોધમાં અમૃત રસ ભરનાર.
સમાધિમાં વસનાર, સદા વીર પ્રભુજીને ભજીએ. ભવ૦
**સાખી**—વિષને પીયૂષ સમ કરનાર, જ્ઞાનમય જ્યોતિ તુજ પ્રકાર,
ભવિજન સાર્થના શણગાર, રત્ન પ્રદીપના પ્રકાશનાર.
સ્વરૂપમાં મળનાર, સદા વીર પ્રભુજીને ભજીએ. ભવ૦

**મગનલાલ મોતીચંદ શાહ**—વઢવાણ કેમ્પ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रश्नोत्तर

( પ્રશ્નકાર–શા. દેવચંદ કરશનજી–**રાધણપુર** )

( અનુસંધાન પુ. ૫૮ પૃષ્ઠ ૮૮ થી )

**પ્રશ્ન** ૩૪—પોતાના પૂર્વજો સમકિતી હતા એવી ખાત્રી ન હોય તો તેની છબી કે મૂર્ત્તિની પૂજા થાય ?

**ઉત્તર**—પોતાના માતાપિતા વિગેરેનાં ફોટા કે મૂર્ત્તિને વ્યવહારથી પૂજ્ય માનીને નમસ્કારાદિ કરાય, અન્ય રીતે પૂજ્ય માનીને પૂજા ન થાય. માત્ર વડીલ-પણાની દૃષ્ટિથી જ પૂજા કરાય.

**પ્રશ્ન** ૩૫—જેમાં ઉત્તમ પુરુષના ગુણાનુવાદ લખ્યા હોય તેવા પુસ્તકની સ્થાપના તે સમ્યક્‌શ્રુતની સ્થાપના અને જેમાં અયોગ્ય મનુષ્યાદિના ખોટા ગુણાનુવાદ લખ્યા હોય તેવા પુસ્તકની સ્થાપના તે મિથ્યાશ્રુતની સ્થાપના કહેવાય કે નહિ ?

**ઉત્તર**—વ્યવહારથી એ પ્રમાણે બંને પ્રકારની કહી શકાય.

**પ્રશ્ન** ૩૬—દિનમાનમાં વધઘટ થયા કરે છે તો જેટલો વધારો કે ઘટાડો ઉદયમાં થાય તેટલો જ તે દિવસે અસ્તમાં વધારો ઘટાડો થાય કે ઓછોવત્તો થાય અથવા થાય કે ન પણ થાય ?

**ઉત્તર**—આ બાબતમાં દરેક દિવસના ઉદયાસ્તનું યંત્ર જોતાં સરખા પ્રમાણમાં ઉદય અસ્તમાં વધારો ઘટાડો થતો જણાતો નથી. તેનું કારણ તો તે યંત્રના બનાવનાર વિદ્વાનો કહી શકે.

**પ્રશ્ન** ૩૭—બેઇંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીના જીવો જે કાર્ય કરે તેમાં પાંચે કારણો હોય કે નહીં ?

**ઉત્તર**—કોઇ પણ કાર્ય થવામાં પાંચે કારણોનો સંભવ છે, પરંતુ તેમાં મુખ્ય કારણ હોય તે જણાય, ગૌણ હોય તે જાણી ન શકાય.

**પ્રશ્ન** ૩૮—એકેંદ્રિયાદિ જીવો આહાર ગ્રહણ કરે તેમાં પણ પાંચ કારણોનો સંભવ ખરો કે નહીં ?

**ઉત્તર**—પાંચે કારણનો સંભવ હોય પણ બધા કારણો વ્યક્ત ન હોય.

**પ્રશ્ન** ૩૯—પુદ્‌ગળ સ્કંધો મળવા વિખરવામાં પાંચે કારણો હોય ?

**ઉત્તર**—તેમાં પાંચ કારણ ન હોય, કારણ કે જીવ ન હોવાથી કર્મ ન જ હોય. કાળ સ્વાભાવાદિ સંભવે તે હોય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન** ૪૦—જીવને મુક્તિ જવામાં પણ પાંચ કારણ હોય ?

**ઉત્તર**—છેલ્લા ભવને અંગે વિચાર કરતા પાંચે કારણો સંભવે છે.

**પ્રશ્ન** ૪૧—જીવ વિગ્રહગતિમાં કઇ કર્મપ્રકૃતિના ઉદયથી જાય ?

**ઉત્તર**—અનુપૂર્વી નામકર્મનો ઉદય વક્રગતિમાં જ થાય છે તેથી તે પ્રકૃતિ-વડે જ વિગ્રહ ગતિ કરે છે અને ઉપજવાને સ્થાને આવે છે.

**પ્રશ્ન** ૪૨—એકેંદ્રિય જીવોને ઔદારિક અંગોપાંગ હોય ? **ઉત્તર**—ન હોય.

**પ્રશ્ન** ૪૩—બેઇંદ્રિય જીવોને મુખ ને જીભ એકેક જ હોય કે વધારે હોય ?

**ઉત્તર**—એકેક જ હોય.

**પ્રશ્ન** ૪૪—તેઇંદ્રિયને ઘ્રાણુ, ચૌરેંદ્રિયને નેત્ર ને પંચેંદ્રિયને કાન એકેક જ હોય કે વધારે હોય ?

**ઉત્તર**—ઘ્રાણુ, નેત્ર ને કાન દ્રવ્યેંદ્રિય તરીકે બે બે હોય ને ભાવેંદ્રિય તરીકે એકેક જ હોય. પંચેંદ્રિય જીવોને દ્રવ્યેંદ્રિય આઠ અને ભાવેંદ્રિય પાંચ હોય.

**પ્રશ્ન** ૪૫—ઉત્તરવૈક્રિયશરીર કરતાં દેવો મુખ વિગેરે વધારે કરે ?

**ઉત્તર**—જેવી ધારે તેવી આકૃતિ કરે, પણ તેમાં જીવ એક જ હોવાથી ભાવ ઇંદ્રિય એકેક જ સમજવી. મૂળ શરીરમાં તો દેવાદિક સર્વને પાંચથી વધારે ભાવેંદ્રિય હોય જ નહીં.

**પ્રશ્ન** ૪૬—દેવોને અને દેવાંગનાઓને મનુષ્યની જેમ પુરુષને નવ દ્વાર અને સ્ત્રીને બાર દ્વાર હોય કે ન હોય ?

**ઉત્તર**—દ્વાર આકૃતિએ તો મનુષ્યપ્રમાણુ નવ ને બાર જ હોય પણ ઔદારિક શરીરની જેમ તે વહેતા ન હોય, કારણુ વૈક્રિયશરીરમાં સાત ધાતુઓ વિગેરે હોતું નથી.

**પ્રશ્ન** ૪૭—નારકીના જીવોને મુખ વિગેરે કેટલાં દ્વાર હોય ?

**ઉત્તર**—મનુષ્ય પ્રમાણે જ દેખાવમાં હોય પણ તે નપુંસકવેદી જ હોવાથી તેને નપુંસક મનુષ્ય જેવી આકૃતિના દ્વાર હોય અને શરીર વૈક્રિય હોવાથી વહેતા ન હોય.

**પ્રશ્ન** ૪૮—ભારંડપક્ષીને મુખ ને જીવ કેટલાં હોય ?

**ઉત્તર**—મુખ બે હોય ને જીવ પણ બે હોય. કોઇ પણ એક શરીરમાં એકથી વધારે જીવ ન હોય, માત્ર અનંતકાયમાં એક શરીરમાં અનંતા જીવો હોય. ભારંડ પક્ષીના શરીરમાં અમુક ભાગ જુદા જુદા ને અમુક ભેગા હોય.

**પ્રશ્ન** ૪૯—આશાતના શબ્દનો વ્યુત્પત્તિ અર્થ શું ?

**ઉત્તર**—**આ**-સમસ્ત પ્રકારે. **શાતન**-ગુણથી, ધર્મથી શાતન કરે-ગુણનો, ધર્મનો નાશ કરે તેને આશાતના કહીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન** ૫૦—અલોકના મધ્યમાં લોક છે કે કેમ ?

**ઉત્તર**—મધ્યમાં છે. અલોકાંતર્ગત છે.

**પ્રશ્ન** ૫૧—લોકાકાશના સર્વ પ્રદેશમાં સૂક્ષ્મ એકેંદ્રિય જીવો કાયમ સરખી સંખ્યામાં જ હોય કે તેમાં વધઘટ હોય ?

**ઉત્તર**—સરખી સંખ્યામાં હોય પરંતુ દરેક જીવ, દરેક નિગોદ(તેના શરીર) અને નિગોદના ગોળા અસંખ્ય આકાશપ્રદેશને અવલંબીને જ રહેલા હોય.

**પ્રશ્ન** ૫૨—લોકાકાશના દરેક પ્રદેશે, પુદ્ગલ પરમાણુઓ ને તેના સ્કંધો એક સરખા હોય કે ઓછાવત્તા હોય ?

**ઉત્તર**—સરખા ન હોય. ઓછાવત્તા થયા કરે, પરંતુ કાયમ છૂટા પરમાણુ ને તેના સ્કંધો અનંતા હોય.

**પ્રશ્ન** ૫૩—વૈક્રિય, આહારક કે તેજસ શરીર નવું વિકુર્વતાં તે તે પ્રકારના સમુદ્ઘાત કરવા પડે કે કેમ ?

**ઉત્તર**—વૈક્રિય શરીર વિકુર્વવું હોય ત્યારે વૈક્રિય સમુદ્ઘાત, આહારક શરીર વિકુર્વવું હોય ત્યારે આહારક સમુદ્ઘાત અને કોઇ જીવ ઉપર અનુગ્રહ કે ઉપઘાત કરવા માટે તેજોલબ્ધિ ફોરવવી હોય ત્યારે તેજસ સમુદ્ઘાત કરવો પડે.

**પ્રશ્ન** ૫૪—સમુદ્ઘાત જીવ કઇ કઇ કર્મપ્રકૃતિના ઉદયથી કરે છે ?

**ઉત્તર**—વેદનીય કર્મના ઉદયથી વેદના સમુદ્ઘાત, મોહનીય કર્મના ઉદયથી કષાય સમુદ્ઘાત, પરભવમાં ગમન કરવા વખતે ઔદારિક કે વૈક્રિય શરીરવડે મરણ સમુદ્ઘાત અને વૈક્રિય, આહારક ને તેજસ સમુદ્ઘાત તે તે શરીરનામકર્મથી અને કેવળી સમુદ્ઘાત ઔદારિક શરીરવડે થાય છે.

**પ્રશ્ન** ૫૫—સૌધર્માદિ દેવલોકના, નવ ગ્રૈવેયકના અને પાંચ અનુત્તર વિમાનનાં નામ શા ઉપરથી પડયાં છે ?

**ઉત્તર**—એ શાશ્વત નામ છે, અર્થવાળા છે પરંતુ તેના અર્થ પ્રમાણે ત્યાં વસ્તુ વિગેરે હોવાનું ન સમજવું.

**પ્રશ્ન** ૫૬—ભરતાદિ ક્ષેત્રનાં અને મેરુ વિગેરે પર્વતોનાં નામ શા ઉપરથી પડયાં છે ?

**ઉત્તર**—એ બધાં શાશ્વત નામ છે અને તેના અધિષ્ઠાતા-સંરક્ષક દેવોનાં નામ ઉપરથી તે નામ પડયાં છે.

**પ્રશ્ન** ૫૭—જંબૂદ્વીપાદિ દ્વીપોનાં અને લવણાદિ સમુદ્રોનાં નામો શા ઉપરથી પડયાં છે ?

**ઉત્તર**—એ નામો પણ શાશ્વત છે. તેના અધિષ્ઠાતા જંબૂદ્વીપનો અનાદૃત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવ, લવણસમુદ્રનો સુસ્થિત દેવ અને ત્યારપછીના દ્વીપો ને સમુદ્રોના દરેકના અધિષ્ઠાતા બે બે દેવો જુદાં જુદાં નામોવાળા છે, તેને દ્વીપ કે સમુદ્રના નામ સાથે સંબંધ નથી.

*પ્રશ્ન ૫૮—દેરાસર શબ્દનો અર્થ શું છે?*

**ઉત્તર**—એ દેવાશ્રય શબ્દનો અપભ્રંશ શબ્દ છે, 'દેવાશ્રય એટલે જેમાં દેવોની મૂર્ત્તિઓનું સ્થાપન છે તેના આશ્રયરૂપ' એ અર્થ સમજવો.

**પ્રશ્ન** ૫૯—દીક્ષા પ્રસંગે તેમજ વ્રતારોપણાદિ પ્રસંગે માંડવામાં આવે છે તેને **નાણ** કહે છે એનો અર્થ શું છે?

**ઉત્તર—**એ **નંદી** શબ્દનો અપભ્રંશ છે. નંદી શબ્દ સમવસરણવાચક છે. એના પડદાઓમાં અથવા ચાંદીની બનાવેલ હોય તો તેમાં સમવસરણના ત્રણ ગઢની રચના કરાય છે. તેના પહેલા ગઢમાં **૧૨** પર્ષદાની રચના કરાય છે, બીજા ગઢમાં તિર્યંચો અને ત્રીજા ગઢમાં વાહનો બતાવવામાં આવે છે. અને ઉપર ચૌમુખજીનાં બિંબ બિરાજમાન કરવામાં આવે છે.

**પ્રશ્ન** ૬૦—કેવળી કેવળીસમુદ્‌ઘાત કરે ત્યારે સર્વ આત્મપ્રદેશો શરીરની બહાર નીકળે તે વખતે શરીરમાં આત્મપ્રદેશો રહે કે નહીં?

**ઉત્તર**—જેટલા આકાશપ્રદેશોમાં શરીર રહેલું હોય તેટલા આત્મપ્રદેશો તેમાં પણ રહે, કારણ કે દરેક આકાશપ્રદેશે એકેક આત્મપ્રદેશ મૂકવાનો હોય છે, લોકાકાશના આકાશપ્રદેશ જેટલા જ એક જીવના આત્મપ્રદેશો છે. **કુંવરજી**

## શિશુ-પ્રાર્થના

વિજયનાદ

અમે તો વીર પ્રભુનાં બાળ, અમે તો સદા વિજયને વરશું;
અમે તો આર્યભૂમિનાં બાળ, અમે તો આર્યધર્મને ધરશું.
કુસંપ ને કલેશો સૌ છોડી, સદા સંપમાં ફરશું,
મતભેદનાં બંધનો તોડીને, સત્પંથે વિચરશું. અમે તો૦
સારાસારનો ભેદ જાણીને, વિનય વિવેકને વરશું;
ક્રોધ માન માયા સઘળાને, હૃદયથી દૂર કરશું. અમે તો૦
અહિંસાનો મંત્ર સ્વીકારી, દીનનાં દુઃખો હરશું;
સ્વધર્મના રક્ષણને માટે, સદા પ્રાણને ધરશું. અમે તો૦
દાન શિયળ તપના પ્રભાવે, ભવબંધન દૂર કરશું;
શ્રદ્ધાવંત સ્વરૂપ બનીને, મોક્ષ મહાપદ વરશું. અમે તો૦

**મગનલાલ મોતીચંદ શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री तत्त्वार्थसूत्रम्-सानुवादम् ।

## सप्तमोऽध्यायः

અનુવાદકાર—મુનિ શ્રી રામવિજયજી

सूत्र—( १ ) हिंसाऽनृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् ॥ ( २ ) देशसर्वतोऽणुमहती ॥

હિંસા અસત્ય ચોરી મૈથુન, પરિગ્રહથી અટકતાં,
એમ વ્રતતણા પંચ ભેદ પામી, પાપસમૂહને વારતાં;
દેશથી જે અટકતાં તે, અણુવ્રતી જગમાં કહ્યા,
સર્વથી જે અટકતાં તે, મહાવ્રતી જગમાં ભણ્યા. ૧

सूत्र—( ३ ) तत्स्थैर्यार्थं भावनाः पञ्च पञ्च ॥ ( ४ ) हिंसादिष्विहामुत्र चापायावद्यदर्शनम् ॥ ( ५ ) दुःखमेव वा ॥

તે તે વ્રતોની સ્થિરતામાં, ભાવના પંચ પંચ ભણી,
એમ ભાવના વળી સર્વ મળતાં, પચ્ચીશની સંખ્યા ગણી;
હિંસાદિ દોષે નહિ અટકતાં, જીવ ઇહભવ પરભવે,
આપત્તિ ને અનિષ્ટતાના, દુઃખગણ સવિ અનુભવે. ૨

सूत्र—( ६ ) मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यानि सत्त्वगुणाधिकक्लिश्यमानाविनेयेषु ॥ ( ७ ) जगत्कायस्वभावौ च संवेगवैराग्यार्थम् ॥

જગતના સવિ જીવમાંહિ, ભાવના મૈત્રી ભલી,
ગુણાધિક વળી જીવમાંહિ, ભાવના પ્રમોદ જ કલી;
સંસાર દુઃખે તપત જીવો–માંહિ કરુણા આણવી,
અપાત્ર જડ અજ્ઞાની જનમાં, મધ્યસ્થતા પીછાણવી. ૩
જગતના સ્વભાવ જાણી, આદરો સંવેગતા,
કાયતણા સ્વભાવ સમજી, આદરો વૈરાગ્યતા;
સંવેગ ને વૈરાગ્ય સારુ, જગત કાય સ્વભાવના,
સ્વરૂપો વિચારી આત્મધ્યાને, રમો થઇ વળી એકમના. ૪

सूत्र—(८) प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा ॥ (९) असदभिधानमनृतम् ॥ (१०) अदत्तादानं स्तेयम् ॥ (११) मैथुनमब्रह्म ॥ ( १२ ) मूर्च्छा परिग्रहः ॥ (१३) निःशल्यो व्रती ॥ (१४) अगार्यनगारश्च ॥ (१५) अणुव्रतोऽगारी ॥

પાંચ પ્રમાદે વશ પડીને, જીવના પ્રાણુ જ તણી,
વિયોગતા કરતાં જના તે, પાપ હિંસા અવગણી;
અસત્ય ભાષણ બોલતાં તે, દોષ અનૃત સેવતાં,
નહિ દીધેલી વસ્તુ લેતા, સ્તેય દોષ જ પામતાં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૈથુનથી અબ્રહ્મ સેવે, પરિગ્રહ મૂર્છા કહી,
એ પાંચ દોષે જીવગણુને, અવિરત માનો સહી;
પાંચ દોષે કાબૂ ધરતાં, શલ્યતા દૂરે તજી,
અવિરત ભાવો દૂર થાતાં, વિરતિ જીવે ભજી. ૬
વિરત જીવો ભેદ બેથી, સૂત્રમાંહિ સંગ્રહ્યા,
અગારી પ્રથમ ભેદ માની, અણુગારી બીજે મેં સુણ્યા;
અગારી ધરતાં અણુવ્રતોને, ગુણુવ્રતી શિક્ષાવ્રતી,
એમ બાર વ્રત ગ્રાહક બનીને, પામતાં સંયમ રતી. ૭

सूत्र—(१६) दिग्देशानर्थदंडविरतिसामायिकपौषधोपवासोपभोगपरिभोगातिथिसंविभागव्रतसंपन्नश्च । ( १७ ) मारणान्तिकीं संलेखनां जोषिता ॥
( १८ ) शंकाकांक्षाविचिकित्साऽन्यदृष्टिप्रशंसासंस्तवाः सम्यग्दृष्टेरतीचाराः॥
( १९ ) व्रतशीलेषु पञ्च पञ्च यथाक्रमम् ॥

દિશાતણા પરિમાણુ વ્રતને, દેશ અવગાસિક ભણું,
અનર્થવિરતિ વ્રત સામાયક, પોસહ વ્રત જ ગણું;
ઉપભોગ ને પરિભોગમાંહિ, પરિમાણુ જ મન ધરું,
અતિથિતણો સંવિભાગ ધારી, રૂડો સંયમ આદરું. ૮
આરાધનાની મરણુ અંતે, સેવના શાસ્ત્રે કહી,
સુણી ધારી વિષય વારી, હૃદયમાંહિ સદ્દહી;
સમકિત મૂલે બાર વ્રતના, અતિચારો હવે કહું,
મનથી ધરતાં દોષ તજતાં, શ્રાવક ધર્મ જ વહું. ૯
સમકિત ગુણુના અતિચારો, પંચ સુણો એકમના,
શંકા કાંક્ષા વિતિગિચ્છા, પ્રશંસા સંસ્તવતણા;
વ્રત શીલોના અતિચારો, પંચ પંચ જ વર્ણવે,
પ્રથમાદિ વ્રતના અતિચારો, તજી ગુણુને કેળવે. ૧૦

सूत्र—( २० ) बन्धवधच्छविच्छेदातिभारोपणान्नपाननिरोधाः ॥(२१) मिथ्योपदेशरहस्याभ्याख्यानकूटलेखक्रियान्यासापहारसाकारमंत्रभेदाः॥(२२) स्तेनप्रयोगतदाहृतादानविरुद्धराज्यातिक्रमहीनाधिकमानोन्मानप्रतिरूपकव्यवहाराः । (२३) परविवाहकर[illegible]परिगृहीताऽपरिगृहीतागमनानङ्गक्रीडातीव्रकामाभिनिवेशाः । (२४) क्षेत्रवास्तुहिरण्यसुवर्णधनधान्यदासीदासकुप्यप्रमाणाऽतिक्रमाः ॥

બંધ વધ ને છવિચ્છેદ, અતિભાર આરોપણુ,
અન્નપાન-નિરોધ પંચે, અતિચાર વિટંબણુ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અતિચાર તજતા પ્રથમ વ્રતને, શુદ્ધિ ભાખે મુનિવરા,
વ્રત બીજાને સાંભળીને, દોષ તજશે ગુણધરા. ૧૧
ઉપદેશ ખોટો આળ દેતાં, કૂટ લેખો લેખતાં,
થાપણો વળી ઓળવીને, ગુપ્ત વાત પ્રકાશતાં;
અતિચાર ત્યાગી ધર્મરાગી, વ્રત બીજાને આદરે,
સત્યવાદી સત્ય વદતાં, ગુણ જગ યશ વિસ્તરે. ૧૨
ચોરને વળી મદદ દેતાં, અદત્ત વસ્તુ લાવતાં,
દાણચોરી કૂટ તોલા, કૂટ માપા રાખતા;
વસ્તુમાંહિ ભેળસેળો, કરે મૂર્ખશિરોમણિ,
અતિચાર સેવે ગુણ ન રહેવે, વ્રત ત્રીજાને અવગણી. ૧૩
પરવિવાહે દોષ મોટો, પરિગ્રહિતા ભાવમાં,
અપરિગૃહિતા સ્થાનમાંહિ, દોષ છે પરભાવમાં;
અનંગક્રીડા તીવ્ર કામે, દોષ પંચક સેવતાં,
વ્રત જ ચોથું મલિન થાતાં, ગુણ યશને ચૂકતાં. ૧૪
ક્ષેત્ર વાસ્તુ રૂપું સોનું, ધન્ય ધાન્ય જ ધારણા,
દાસ દાસી ધાતુ હલકી, પંચ દોષ જ વારણા;
સંખ્યાથકી ન દોષ સેવે, મિશ્ર દોષો દાખવે,
વ્રત પંચમ મલિન થાતાં, શ્રાદ્ધ ગુણ ન સાચવે. ૧૫

**सूत्र—( २५ ) ऊर्ध्वाधस्तिर्यग्व्यतिक्रमक्षेत्रवृद्धिस्मृत्यन्तर्धानानि ॥ ( २६ ) आनयनप्रेष्यप्रयोगशब्दरूपानुपातपुद्गलक्षेपाः ॥ ( २७ ) कंदर्पकौत्कुच्यमौखर्याऽसमीक्ष्याधिकरणोपभोगाधिकत्वानि ॥ ( २८ ) योगदुष्प्रणिधानानादरस्मृत्यनुपस्थापनानि ॥**

ઊંચી દિશી અધો દિશી, વળી તીર્છી સ્થાનમાં,
ધારણાથી અધિક જાતાં, દોષ ત્રણે માનમાં;
ક્ષેત્રવૃદ્ધિ દોષ ચોથો, પાંચમો હું હવે ભણું,
યાદી ચૂકે વ્રત દિશાની, દોષ-પંચકને હણું. ૧૬
ધારેલ દિશી માનથી વળી, અધિક દિશી સ્થાનની,
વસ્તુ અણાવે મોકલે વળી, લહેર ચૂકે વ્રતતણી;
શબ્દ રૂપે દોષ સાધે, પુદ્ગલોને ફેંકતા,
દેશાવગાસિક વ્રતતણા એ, દોષ-પંચક સેવતાં. ૧૭
કંદર્પકેરો દોષ પહેલો, સૂત્રમાંહી સાંભળ્યો,
ચેષ્ટાતણો છે દોષ બીજો, વાચાળ ત્રીજો મેં સુણ્યો;
અધિકરણો સજ્જ કરતાં, વસ્તુ ભોગે અધિકતા,
અનર્થવિરતિભાવમાંહી, દોષ-પંચક દેખતા. ૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન વચન ને કાયકેરા, અશુભ વ્યાપારો ભજે,
સામાયિકોના ભાવમાંહી, આદરભાવ નહિ સજે;
યાદી ચૂકે ભાન ભૂલે, દોષ બત્રીશ સેવના,
સામાયિકોના દોષ તજતાં, થાય સંવર ભાવના. ૧૯

સૂત્ર—( ૨૯ ) अप्रत्यवेक्षिताप्रमार्जितोत्सर्गादाननिक्षेपसंस्तारोपक्रमणानादरस्मृत्यनुपस्थापनानि ॥ ( ३० ) सचित्तसंबद्धसंमिश्राभिषवदुष्पक्वाहाराः ॥ ( ३१ ) सचित्तनिक्षेपपिधानपरव्यपदेशमात्सर्यकालातिक्रमाः ॥

ઉત્સર્ગ વસ્તુ ગ્રહણ સ્થાપન, વળી સંથારાતણી,
દૃષ્ટિની પ્રતિલેખના વળી, પ્રમાર્જના સૂત્રે ભણી;
દોષ ત્રણને એમ સેવે, પોસહે આદર નહિ,
યાદી ચૂકે દોષ-પંચક, પોસહે થાયે સહિ. ૨૦
સચિત્ત દ્રવ્યે સચિત્ત બંધે, સચિત્તની વળી મિશ્રતા,
કાચી વસ્તુ કાચી પાકી, દોષ આહારે થતાં;
ભોગ ને પરિભોગ વસ્તુ, ઉલ્લંઘે પરિમાણમાં,
ગુણધરા તે દોષ સેવે, વ્રતતણા તે સ્થાનમાં. ૨૧
સચિત્ત વસ્તુ હેઠ રાખે, ઉપર સચિત્ત મૂકતાં,
અચિત્ત વસ્તુ હેઠ રાખે, ઉપર સચિત્ત ઢાંકતાં,
વ્યપદેશ ને મત્સરપણું વળી, કાળને ઉલ્લંઘતા,
અતિથિતણો સંવિભાગ સાધે, દોષ-પંચક મૂકતાં. ૨૨

સૂત્ર—( ३२ ) जीवितमरणाऽऽशंसामित्रानुरागसुखानुबंधनिदानकरणानि ॥ ( ३३ ) अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम् ॥ ( ३४ ) विधिद्रव्यदातृपात्रविशेषात्तद्विशेषः ॥

જીવિત ઇચ્છા મરણ ઇચ્છા, મિત્રની અનુરાગતા,
સુખતણા અનુબંધ ઇચ્છે, કરે વળી નીદાનતા;
સંલેખણાના પાંચ દોષો, ટાળતાં ભલી વાસના,
વિરતિસંગે ધર્મરંગે, થાય સુંદર ભાવના. ૨૩
પરતણા ઉપકાર માટે, સ્વવસ્તુને પરિહરે,
દાન ધર્મ જ થાય રૂડો, મૂર્ચ્છના દૂરે કરે;
વિધિ ને વળી દ્રવ્યદાતા, પાત્રતા ચોથી કહી,
દાનમાં અવતાર થાતાં, વિશેષતા મન ગહગહી. ૨૪

इति संग्रहकार-वाचकप्रवर-श्रीमदुमास्वातिविरचित-तत्त्वार्थसूत्रे शास्त्रविशारद-कविरत्नाचार्य-श्रीमद् विजयामृतसूरीश्वरपादपद्मपरागस्वादरागे षट्पद-मुनिरामविजयविरचितगुर्जरभाषानुवादसंकलितः सप्तमोऽध्यायः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવિક પુરુષો

## પટ્ટધરબેલડી (૫)

સરિતા ગોદાવરીના તટ પર આજે વહેલી સવારથી અનહદ માનવમેદની જામી હતી. ચૈત્ર શુકલ પ્રતિપદા( ચૈત્ર શુદ ૧ )ના દિવસનું માહાત્મ્ય આ પ્રદેશમાં અતિ મોંઘેરું છે. શક સંવત્સરનો આરંભ એ દિનથી થતો હોઇ, એ માંગલિક દિવસની ઉજવણી દક્ષિણ પ્રદેશમાં નૂતન વર્ષના પ્રારંભ તરીકે જનતા હર્ષપૂર્વક કરે છે.

સરિતાના કાંઠા પર નાનાં–મોટાં સંખ્યાબંધ મંદિરો અને વચમાં વિરામસ્થાનો આવ્યાં હતાં. આગળ જતાં એક સુંદર બગીચો રાજ્ય તરફથી થોડાં સમય પૂર્વે તૈયાર કરવામાં આવ્યો હતો. એમાં જાતજાતનાં વૃક્ષો તેમજ રંગબેરંગી પુષ્પોનાં રોપાઓ જુદી જુદી કરામતથી ક્યારા કરી એવી રીતે ઉગાડવામાં આવ્યાં હતાં કે હરકોઇ આગંતુકનું એ પ્રતિ સહજ લક્ષ્ય આકર્ષાય અને એમાં વાપરેલી કળાનો સહજ ખ્યાલ આવે. મધ્ય ભાગે એક મનોહર પ્રાસાદ શોભી રહ્યો હતો. એની સામે મોટો મંડપ કોરણી યુક્ત સ્થંભો ઉપર ખડો કરવામાં આવ્યો હતો. આ મંડપની શીળી છાયામાં પૂર્વે રાજ્ય તરફના કેટલાય સામાજિક, ધાર્મિક પ્રસંગો ઉજવાઇ ગયા હતા. ઉદ્યાનમાં રોપેલાં વિવિધ જાતનાં ફૂલ–ઝાડોની મીઠી સુવાસ વચ્ચે આ મંડપ હેઠળ બેસી વિદ્વદ્ જનના વિવેચનો અથવા તો રાજકર્મચારીના બ્યાનો સાંભળવાનો લાભ પ્રતિષ્ઠાનપુરના જાણીતા આગેવાનોએ લીધો હતો. આમવર્ગને કેવળ નદીકાંઠા પર ઊભા રહી આ મંડપ હેઠળ ચાલી રહેતી પ્રવૃત્તિના માત્ર દૂરથી દર્શન થતાં.

આજના વાર્ષિક દિન માટે ઉપર વર્ણવેલી મર્યાદાનાં બંધન ઢીલા કરવામાં આવ્યાં હતાં. પ્રાતઃકાળની આવશ્યક ક્રિયાઓની પૂર્ણાહુતિ થતાં ઉક્ત મંડપ હેઠળ મોટી સભા ભરવામાં આવતી. પુરવાસી જનોને એમાં ભાગ લેવાની સંપૂર્ણ છૂટ હતી. એ વેળા જુદા જુદા વિદ્વાનોનાં ધાર્મિક પ્રવચનો થતાં. દેશ–પરદેશના ભિન્નભિન્ન દર્શનદક્ષો સ્વમંતવ્યો સાદી ભાષામાં અને સરલ રીતે–જેમ બને તેમ અતિ લંબાણ કર્યા વગર–જનરુચિને માફક આવે તેવી રીતે રજૂ કરતા. સારી એ કાર્યવાહી પ્રતિપાદક શૈલીમાં ચાલતી. ખંડનવૃત્તિને કે વિતંડાવાદને જરા પણ સ્થાન મળતું નહીં. આ સભામાં ખૂદ રાજવી પોતે હાજર રહેતા અને સર્વ ધર્મ પ્રત્યે સમભાવ દર્શાવવામાં પોતે કેટલા દત્તચિત્ત છે તેનો પુરાવો આપતા. મધ્યાહ્ન થતાં આ સભાની પૂર્ણાહુતિ થતી અને એકત્ર થયેલ સમૂહ, કંઇ ને કંઇ નવીન જ્ઞાન મેળવ્યાના આનંદસહ નગરની દિશામાં પાછો વળતો. સારો યે દિન આનંદ–પ્રમોદમાં વ્યતીત થતો. આ ઉપરાંત પ્રજાની જુદી જુદી જાતિઓ કેટલીય જાતની વ્યવહારિક વિધિઓ ઉજવણી-રૂપે આચરતી–એમાં દેવ–દર્શન અને મિષ્ટ પદાર્થોનું જમણ અગ્રભાગ ભજવતાં. આટલા સામાન્ય જ્ઞાન પછી પુનઃ આપણી નજર મનોરમ ઉદ્યાનના પેલા સભામંડપ તરફ ફેરવીએ.

અહીં આપણા આચાર્ય શ્રી યશોભદ્રસૂરિજી પણ પોતાના શિષ્યો સહિત એ વિદ્વદ્ગોષ્ઠીમાં ભાગ લઇ રહેલા દૃષ્ટિગોચર થાય છે. રૂપેરી ઘંટડીના મીઠા સરોદ સમ તેઓશ્રીનાં વચનો સભાજનો એકધારી શાંતિથી સાંભળી રહ્યા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" ભવ્યાત્માઓ ! આપ સર્વએ જુદા જુદા વિદ્વાનોના મુખથી પ્રચલિત દર્શનો સંબંધી તત્ત્વજ્ઞાનને અંગે સાંભળ્યું છે. એ ષડ્દર્શનમાં જૈન દર્શનનો સમાવેશ થાય છે. અહીં એ દર્શનના સંબંધમાં કંઇ જ કહેવામાં આવ્યું નથી એમ કહીએ તો ચાલી શકે. આ પ્રદેશમાં એ અણુમૂલાં તત્ત્વોનો પ્રચાર ઓછો છે એમ એ ઉપરથી ધારણા બાંધી શકાય. બીજું કારણ એમ પણ કલ્પી શકાય કે પ્રચલિત દર્શનોની વિચારસરણી સહ ઘણી બાબતોમાં એ દર્શન જુદું પડે છે.

" જૈન દર્શન ' પોતાનું અસ્તિત્વ અનાદિ કાળનું છે એમ દર્શાવતાં એ વાત પર ભાર મૂકે છે કે જેમ જગતની આદિ નથી તેમ એ જગતમાં જે કેટલાક દ્વંદ્વો નજરે ચઢે છે તેની પણ આદિ નથી. એ જોડલામાં સમ્યક્ત્વ અને મિથ્યાત્વરૂપ જોડલું પણ છે. સાચું યાને વસ્તુસ્વરૂપનું યથાસ્થિત જ્ઞાન એનું નામ સમ્યક્ત્વ; એથી વિપરીત તે મિથ્યાત્વ. જો કે આ ટૂંકા અક્ષરો પાછળ જુદી જુદી દૃષ્ટિએ લાંબી વિચારણા કરાયેલી છે અને એ સર્વ બરાબર ધ્યાનમાં લેવાય તો નાનો દેખાતો ' સમ્યક્ત્વ ' શબ્દ કેટલો મહત્ત્વનો છે એનો સાચો ખ્યાલ આવે. જૈન દર્શન મુજબ પ્રત્યેક સર્પિણીમાં અથવા તો ' યુગ ' ના નામે ઓળખાતાં સમયમાં ચોવીશ તીર્થંકરો થાય છે. તેઓશ્રીનું કાર્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને ધ્યાનમાં લઇ, પોતે પ્રાપ્ત કરેલ કૈવલ્યજ્ઞાનના બળથી આમવર્ગના ઉપકાર અર્થે ઉપદેશ પદ્ધતિ નિયત કરવાનું છે. પૂર્વે કહી ગયા એ જાતનું ' સમ્યક્ત્વ ' કેમ વિશેષ પ્રમાણમાં પ્રસરે અને એનાથી ઊલટા સ્વભાવવાળા ' મિથ્યાત્વ 'નો કેમ હ્રાસ થાય એવા માર્ગો યોજવાનું છે.

"આજના ' કળિયુગ 'માં-અમારી ભાષામાં કહું તો આ ' પંચમ આરા ' માં જે તત્ત્વજ્ઞાન ' જૈન દર્શન ' તરિકે આળેખાય છે એના પ્રણેતા અંતિમ તીર્થપતિ શ્રી વર્ધમાન જિન ઊર્ફે શ્રી મહાવીરસ્વામી છે. તેઓશ્રીએ પ્રથમ પરીષહો સહન કરીને આ અણમૂલાં તત્ત્વોનો સ્વજીવનમાં પ્રત્યક્ષ સાક્ષાત્કાર કર્યો ત્યારપછી જ સૃષ્ટિના સર્વ જીવોને એ અમૃત તત્ત્વોનું પાન કરાવવાની એક માત્ર પરમાર્થ ભાવનાથી એનો પ્રચાર આરંભ્યો. એમના પટ્ટશિષ્ય શ્રી ઇંદ્રભૂતિ નામે ગૌતમગોત્રવાળા થયા. ગુરુ શિષ્ય વચ્ચે તત્ત્વજ્ઞાન અંગેની વિવિધ ચર્ચાઓ થઇ. એ સર્વના સમૂહને ' દ્વાદશાંગી ' તરીકે પ્રસિદ્ધિ મળી. દ્વાદશાંગી યાને બાર અંગનો સમૂહ, વિવિધ પ્રકારના જ્ઞાનથી ભરેલો છે. એ બધામાં જે મુખ્ય વાત પર વજન મૂકવામાં આવ્યું છે તે આત્માના ઉદ્ધારનું છે. સૌ વાતોમાં ' ચેતન અને જડ ' અર્થાત્ ' આત્મા અને કર્મ ' કિંવા ' જીવ અને પુદ્ગલ ' ની વાત મુખ્ય છે.

" એ વિષયનું ઊંડું અવગાહન કરનારને નથી તો ઇશ્વરને જગતકર્ત્તા તરીકે ઓળખવાની જરૂર રહેતી કે નથી તો સૃષ્ટિની રચના કોણે કરી? કયારે થઇ? અથવા તો એનો અંત કેવી રીતે આવશે? એ વિચારની ગૂંચોના વમળમાં અટવાવું પડતું. કેવળ કર્મરાજે પાથરેલી જાળ અને એમાં ફસાયેલ જીવોનાં સ્પષ્ટ દર્શન થાય છે. મદારી જેમ માંકડાને મરજી મુજબ નાચ નચાવે છે તેમ કર્મરાજ જીવોરૂપી વાંદરાને જાતજાતના વેશ ભજવાવે છે. ટૂંકમાં કહીએ તો જડ એવા કર્મોએ, જડતાનું—પુદ્ગલલાલસાનું—એકધારું સામ્રાજ્ય પાથરી દીધું છે. એમાં ચૈતન્ય દશા અવરાઇ જવાથી આત્માઓ ભાન ભૂલી વિવિધ પ્રકારના અભિનયો ભજવે છે.

" કાળ-સ્વભાવ-ભવિતવ્યતા-કર્મ અને પુરુષાર્થરૂપ પાંચ સમવાય યાને કારણો સારાએ જગતના તંત્રનું નિયંત્રણ કરે છે. ઇશ્વરને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગત્કર્તા માનવાની અગત્ય જૈન દર્શનને રહેતી જ નથી; તેમ નથી રહેતી જરૂર એ ઇશ્વરને અવતાર લેવરાવવાની. સંપૂર્ણપણે આત્મસાક્ષાત્કાર કરવો અને કર્મલેપથી સર્વથા મુક્ત થવું એ જ એમાં સાચા ઇશ્વરપણાની નિશાની છે. એ દશા પ્રાપ્ત કરનાર પ્રત્યેક આત્મા ઇશ્વર યાને પરમાત્મા છે. એ આત્માઓ જે સ્થળે વસે છે–કાયમને માટે રહે છે–એ સ્થાન તે મોક્ષ–અર્થાત્ બ્રહ્મલોક. કિંવા 'સચ્ચિદાનંદ દશા'. જૈન દર્શન અનુસાર પ્રત્યેક પ્રગતિવાંછુ આત્મા, સમ્યક્ત્વનો સધિયારો લઇ, મહાત્માને યોગ્ય કરણી આદરી એમાં સંપૂર્ણતા પ્રાપ્ત કરી પરમાત્મા બને છે. આત્મા પરમાત્મપદ પ્રાપ્ત કરે છે ત્યારે જ્ઞાન, દર્શન, સુખ અને બળરૂપ ચાર વસ્તુઓમાં અનંત શક્તિનો ધારક બને છે અર્થાત્ એ ચાર ચીજો એનામાં અંત વગરની પ્રકાશી ઊઠે છે. એના જોરે એ એવી અપૂર્વ સ્થિતિ અનુભવે છે કે જે વર્ણવવાને ઉપમા જડતી નથી.

"જૈન દર્શનમાં '**ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः**' નામનું સૂત્ર પ્રથમ પદ ધરાવે છે. જેમ ખાણમાંથી નીકળતું સોનું કચરા આદિના સંયોગે એટલી હદે વિકૃત દશામાં હોય છે કે જેથી નથી તો એ પૂરી તેજસ્વિતા દર્શાવતું કે નથી તો એ પૂર્ણ પીળા વર્ણને ધરતું; પણ જુદા જુદા પ્રયોગો પછી જ્યારે એ શુદ્ધ દશા પ્રાપ્ત કરે છે ત્યારે એ રંગ અને ગુણમાં પૂરો આંક મેળવે છે. એ જ ઉદાહરણ આત્માને લાગુ પાડતાં કહેવું જોઇએ કે અનાદિકાળથી કર્મમળથી લેપાયેલ તે સંસારરૂપી રંગભૂમિમાં નવા નવા અભિનયો ધારણ કરે છે અને પૂર્વે કહ્યા પ્રમાણે પોતાના મૂળ સ્વરૂપની પિછાન એને થતી નથી–પિછાન થયા છતાં એ સ્થિતિ પ્રાપ્ત કરવાની સાચી તમન્ના ઉદ્ભવતી નથી. તમન્ના જાગ્યા છતાં એ પ્રતિ વળવાનો સાચો રાહ હાથ ધરતો નથી ત્યાંસુધી તેનું સંસાર-ભ્રમણ ચાલુ રહે છે. દડાની માફક કર્મવડે ધક્કા ખાતો તે આડોઅવળો અથડાયા કરે છે.

"આમ વિશ્વભરમાં આત્મા અને કર્મ વચ્ચે અર્થાત્ જીવ અને અજીવ વચ્ચે સતત સંગ્રામ ચાલ્યા કરે છે. એ બે તત્ત્વની રમત સરળતાથી જનસમૂહ સમજી શકે એ સારુ જ્ઞાની ભગવંત શ્રી તીર્થંકરદેવે નવનો ચમત્કારી અંક પસંદ કરી એની ગુંથણી નિમ્ન પ્રકારે કરી છે.

"આત્મા યાને જીવ, અજીવ સાથેના સંગ્રામમાં મચ્યો રહેતાં શુભ કરણીદ્વારા પુન્ય અને અશુભ કરણીદ્વારા પાપ નામના પદાર્થોનો સંચય કરે છે. એ સંચય કરવાની ક્રિયાનું નામ આશ્રવ કહેવાય છે. પુન્ય કે પાપ આખરે તો કર્મ યાને અજીવના દળિકો કે રેણુઓ જ છે. એનો આશ્રય એટલે આત્માની સાથે યોગ. આશ્રવ જેમ આવવાની ક્રિયા તેમ સંવર એ રોકવાની ક્રિયા છે. આત્મા જ્ઞાનદશામાં પ્રગતિ સાધી દ્રઢતા ધારે તો એ કર્મદળિકોને પોતા સાથે ભળતાં રોકી શકે છે. વધારે જાગ્રત બની પૂર્વે જે ભળી ગયાં છે તેવા કર્મોને ખંખેરી નાખે છે એ ક્રિયા તે નિર્જરા કહેવાય છે. ઉપર જોયું તેમ કર્મદળિકોનું આગમન અને આત્મા સહ ઓતપ્રોત થવું એ બંધ કહેવાય છે. આત્મા જેમ જેમ વધારે પ્રમાણમાં જાગૃતિ દાખવે અને મૂળ સ્વભાવ પ્રતિ પગલાં માંડતો જાય તેમ નવો સંચય તો અટકી જ પડે પણ પહેલાં થઇ ચૂકેલાની પણ ઝાટકણી થવા માંડે. આમ બંધના સાંધા ઢીલા પડવા માંડે. સદંતર એ છૂટી જાય. તે ક્રિયાના ફળનું નામ મોક્ષ. અજીવ જોડેના સંગ્રામમાં એકત્ર થયેલ કર્મસંચયનો સર્વથા નાશ થતાં જ આત્મા સ્વતંત્રદશા યાને પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરે છે. કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**दग्धे बीजे यथात्यन्ते, न रोहति बीजांकुरः**
**कर्मबीजे तथा दग्धे, न रोहति भवांकुरः ॥**

ઉપરની ક્રિયાને જૈનદર્શનમાં નવતત્ત્વરૂપે વર્ણવેલ છે.

૧ જીવ. ૨ અજીવ. ૩ પુન્ય. ૪ પાપ. ૫ આશ્રવ. ૬ સંવર. ૭ નિર્જરા. ૮ બંધ અને ૯ મોક્ષ. એ નવતત્ત્વ તત્વજ્ઞાનમાં પ્રવેશવા સારુ પાયારૂપ મનાય છે. જો કે એ પ્રત્યેક તત્ત્વને અંગે અતિ લંબાણથી વિવરણ કરાયેલ છે, એના ભેદપ્રભેદ પણ ઓછાં નથી, એમાંનાં કેટલાક પર તો સંખ્યાબંધ ગ્રંથો રચાયેલા છે પરન્તુ એ સર્વ પર લંબાણ કરવાનો અત્રે સમય નથી. જિજ્ઞાસુ હૃદયો એ અંગેની પિપાસા છીપાવવા માંગતાં હોય તેમના સારુ અમારી વસતિના દ્વાર ખુલ્લાં જ છે. સ્વવ્રત પર મુસ્તાક રહી, આવશ્યક કરણીમાં અતિચાર ન આવે એ વાત લક્ષ્યમાં રાખી, પરમાર્થ દ્રષ્ટિએ જ્ઞાનચર્ચા કરવી એ અમારો ધર્મ છે.

"અહીં એકત્ર થયેલ શ્રોતાગણના મોટા ભાગનું માનસ શક્તિઅનુસાર પિછાની લઇ, જ્ઞાની ભગવંતનાં વચનોમાંથી મારી દ્રષ્ટિએ સારરૂપ તારવણી કરી, શક્ય સરલતાથી રજુઆત કરી છે. એ સૌ કોઇના આત્મશ્રેય અર્થે થાવ એ જ અભ્યર્થના છે."

આચાર્યશ્રીનું વક્તવ્ય સમાપ્ત થતાં જ રાજવીએ ઉપસંહાર કરતાં જણાવ્યું—"વિદ્વાન પુરુષોની ગોષ્ઠી સાચે જ અપૂર્વ કલ્યાણરૂપ છે. આજના માંગલિક દિવસે પ્રજાજનોએ અવનવું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. એમાં પણ આપણા આંગણે પધારેલા શ્રમણપુંગવે સાદી ભાષામાં જે અમૃતપાન કરાવ્યું છે એ આપણા માટે નવું હોઇ, પ્રગતિનો કોઇ અનેરો પયગામ પહોંચાડે છે. 'આત્મા ક્યાં તો ઊંચી કોટિએ પહોંચતા પ્રભુનો પૂર્ણ ભક્ત બને છે અથવા તો પ્રકૃતિનો છેડો ફાડતાં શૂન્યતામાં ભળી જાય છે' એવો પૂર્વે થયેલી વિદ્વાનોની ચર્ચામાંથી નીકળતો ધ્વનિ છે, પણ આજે આપણા નવીન અતિથિએ એમાં એક નવી ભાત પાડી છે. આત્મા ધારે તો માત્ર મહાત્મા જ નહિ પણ પરમાત્મા બની શકે છે, એમ તેઓ કહે છે. સાથે એમ પણ જણાવે છે કે મુક્તિ એ શૂન્ય દશા નથી પણ સંપૂર્ણ આનંદમય દશા છે. આમ આજે નવી દિશાના—નૂતન વિચારસરણીનાં દ્વાર ખુલ્યાં છે. એ માર્ગ ખેડવા જેવો છે. મારી તેઓશ્રીને પ્રાર્થના છે કે મારા નગરમાં તેમજ આ તરફના પ્રદેશમાં તેઓ એ જ્ઞાનનો પ્રચાર કરે. અલબત્ત, ભદ્રશંકર સાથેની વાતચીતથી મારા જાણવામાં આવ્યું છે કે તેમને કડક આચારનું પાલન કરવું પડે છે એટલે મારી સૂચનાનો અમલ કરવામાં ઓછી અગવડ ન ગણાય, છતાં હું એટલી ખાત્રી આપું છું કે મારાથી બનતી દરેક સગવડ હું તેઓશ્રીને કરી આપીશ. મને સૌ કરતાં વધારે સુન્દર વાત તો એ લાગી છે કે—એ સંતની વાણીમાં કર્કશતા, કટુતા કે અન્ય પરના આક્ષેપનું નામનિશાન નથી. પ્રતિપાદક શૈલીએ સ્વમંતવ્ય રજૂ કરવું એ જ એમનું ધ્યેય ઊડીને આંખે વળગે છે. મત કે સંપ્રદાય અંગેની ખેંચતાણનો ઇસારો પણ નથી. એટલે તેઓશ્રીના વિહારથી જનતાને લાભ જ થવાનો સંભવ છે એમ મારું માનવું છે. તેઓએ પધારી આપેલ જ્ઞાનના લાભ માટે આભાર માનતા મારી સૂચના પ્રતિ લક્ષ્ય દોરવા તેઓશ્રીને આગ્રહભરી વિનંતિ છે."

સભા બરખાસ્ત થઇ. વસતીમાં જોયેલા યશોભદ્રસૂરિ કેવી રીતે રાજાના અતિથિ થઇ આ મંડપમાં પધાર્યા એની વાત આવતા અંકે કહેશું.

**ચોકસી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અઢાર પાપસ્થાનકની સજ્ઝાય-વિવેચન યુક્ત

અગાઉ અઢાર પાપસ્થાનક અને બાર ભાવનાની સજ્ઝાયોની સંયુક્ત બુક અમારા તરફથી બહાર પાડવામાં આવી હતી તે ખલાસ થઇ જવાથી માત્ર અઢાર પાપસ્થાનકની સજ્ઝાયની અર્થ સાથેની બુક બહાર પાડવામાં આવી છે. સંસારવૃદ્ધિના હેતુભૂત અઢારે પાપસ્થાનકોને સંપૂર્ણ રીતે સમજી તેનાથી કઇ રીતે બચી શકાય તેને લગતું આ બુકમાં સાદી ને સરલ ભાષામાં વિવેચન કરવામાં આવ્યું છે. આ સજ્ઝાયો શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજશ્રી યશોવિજયજીની રચેલી હોવાથી તેમાં ઘણું રહસ્ય સમાવવામાં આવ્યું છે. એક એક સજ્ઝાય એક-એક ગ્રંથની ગરજ સારે તેવી રહસ્યપૂર્ણ છે. સૌ કોઇએ આ બુકનો લાભ લેવા જેવો છે. પૃ. ૧૪૦ કિંમત માત્ર ત્રણ આના.

---

## શ્રી શાંતિનાથ ચરિત્ર સંસ્કૃત ગદ્યબંધ.

આ ચરિત્ર અમે ઘણા વખત અગાઉ છપાવેલ તે હાલ મળતું નહોતું. હમણા રીતે છપાયેલ છે. નવા સંસ્કૃત ભાષાના અભ્યાસી સાધુ સાધ્વી વિગેરેને ઘણું ઉપયોગી છે. સરલ ભાષાવાળું છે. વ્યાખ્યાનમાં વાંચવા લાયક છે. શ્રોતાને આનંદ ઉપજાવે તેવું છે. કિંમત રૂા. ૪) પોસ્ટેજ આઠ આના.

---

## સ્નાત્ર સંગ્રહ અને અષ્ટપ્રકારી પૂજા.

આ બુક હાલમાં જ અમે છપાવી છે. તેમાં શ્રી દેવચંદ્રજી તથા પં. વીરવિજયજીના સ્નાત્ર ઉપરાંત પૂર્વાચાર્યકૃત સ્નાત્ર જે હાલમાં પ્રચારમાં નથી તે દાખલ કર્યું છે. તેમાં શ્રી ઋષભદેવનો ને પાર્શ્વનાથનો એમ બે કળશ છે. જેને પાંચ સ્નાત્ર ભણાવવા હોય તેને માટે શાંતિનાથજીનો કળશ પણ દાખલ કર્યો છે. ત્યારપછી શ્રી દેવવિજયજીકૃત અષ્ટપ્રકારી પૂજા દાખલ કરી છે તે અષ્ટપ્રકારી પૂજા કરતાં દરેક પૂજાના આરંભમાં બોલવા લાયક છે. તેમાં તે પૂજા સંબંધી જ વર્ણન છે. ખાસ કંઠે કરવા લાયક છે. કિંમત ત્રણ આના રાખવામાં આવી છે. ખાસ મંગાવો.

---

## શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા ભાષાંતર.

### ભાગ ૧-૨-૩-૪.

પ્રથમના ૩ ભાગમાં આખા ગ્રંથનું ભાષાંતર સંપૂર્ણ આવે છે. આ એક અપૂર્વ અને અજોડ ગ્રંથ છે. ત્રણે ભાગ મળીને કિંમત રૂા. ૯ા છે. ચોથા ભાગ તરીકે તે ગ્રંથના કર્તા શ્રી સિદ્ધર્ષિગણીનું ચરિત્ર ઘણું વિસ્તારથી આપવામાં આવ્યું છે. તેની કિંમત રૂા. ૩) છે. ચાર ભાગના રૂા. ૧૨ા

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## બુકો વેચાણ મગાવનારને સૂચના

શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રનો સેટ, શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતરનો સેટ તથા શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનો સેટ મગાવનારને જણાવવાનું કે–સેટની જે કિંમત ઓછી લેવામાં આવતી હતી તે હવેથી બુકોમાં જણાવ્યા પ્રમાણે પૂરી લેવામાં આવશે.

## શ્રી વૈરાગ્યકલ્પલતા ગ્રંથ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત આ પદ્યબંધ ગ્રંથ અમદાવાદનિવાસી પંડિત ભગવાનદાસ હરખચંદ તરફથી હાલમાં બહાર પડેલ છે. ગ્રંથ ઉપમિતિ ભવપ્રપંચા કથાનું સ્મરણ કરાવે તેવો તે જ સ્વરૂપમાં બનાવેલો છે. અત્યુત્તમ ગ્રંથ છે. શ્લોક સંખ્યા સાત હજાર છે. કિંમત રૂ. ૬। રાખેલ છે તે અમારે ત્યાંથી પણ મળશે. જરૂર મંગાવો ને લાભ લ્યો.

## શ્રી ગુણવર્મા ચરિત્ર ભાષાંતર

મૂળ સંસ્કૃત ઉપરથી પંડિત પાસે શુદ્ધ ગુજરાતીમાં ભાષાંતર કરાવીને પં. શ્રી વીરવિજયજીના ઉપાશ્રય તરફથી હાલમાં પ્રગટ કરવામાં આવેલ છે. કિંમત આઠ આના ખાસ વાંચવા લાયક છે. પોસ્ટેજ બે આના. જરૂર મંગાવો. અમારે ત્યાંથી મળી શકશે.

સત્તર ભેદી પૂજા કરનારની ૧૭ કથાઓ આમાં છે.

## पंच प्रतिक्रमण सूत्र–मूळ. शास्त्री

હિંદી સુંદર ટાઇપમાં છપાવેલ આ બુકમાં પંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ, છંદ તથા વિધિઓ વિગેરેનો સમાવેશ કરેલ છે. વિદ્યાર્થીઓને ખાસ અભ્યાસ કરવા યોગ્ય છે. કાગળની અતિશય મોંઘવારી છતાં જ્ઞાન–પ્રચારનો હેતુ જાળવવા માટે અમે કિંમત વધારી નથી. છૂટક નકલના આઠ આના. સો નકલના રૂ. ૪૫). પોસ્ટેજ ત્રણ આના.

## શ્રી આત્મપ્રબોધ ગ્રંથ–મૂળ

પંડિત શ્રી જિનલાભસૂરિકૃત ગદ્યબંધ આ ગ્રંથ બહુ જ ઉપયોગી છે. તેમાં સમકિત, દેશવિરતિ, સર્વવિરતિ તથા પરમાત્મસ્વરૂપદર્શક ચાર પ્રકાશ પાડેલા છે. કિંમત રૂપિયો દોઢ પોસ્ટેજ સાત આના. ખાસ વ્યાખ્યાનમાં વાંચવા લાયક છે તેમજ શ્રોતાવર્ગને અત્યંત આનંદ સાથે લાભ કરે તેવો છે.

## શ્રી શ્રીચંદ્ર કેવળી ચરિત્ર

આ સંસ્કૃત પદ્યબદ્ધ ચરિત્રના કર્તા શ્રી સિદ્ધર્ષિ છે. ચરિત્ર ઘણું રસિક છે. વ્યાખ્યાનમાં વાંચવા લાયક છે. કિંમત રૂપિયો એક. પોસ્ટેજ પાંચ આના. આયંબિલ વર્ધમાન તપના માહાત્મ્ય અને પ્રભાવ સમજવા માટે આ ચરિત્ર ખાસ ઉપયોગી છે.

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only